




# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023

Year - 5 | Issue- 220 | AD-2022, Vaishakh Sud-13, Saturday, Dt. 14-05-2022 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00







ઇંધણ તેમજ ખાવાપીવાની વસ્તુમાં મોંઘવારી દરમાં મોટો ઉછાળો આવતાં

# દેશમાં મોંઘવારીએ ૮ વર્ષનો રેકોર્ડ તોડ્યો

(જી.એન.એસ) નવી દિલ્હી તા.૧૩

દેશમાં સતત વધી રહેલી મોંઘવારી વચ્ચે ભારતીય રિઝર્વ બેંકે પાછલા સપ્તાહે ચાર વર્ષમાં પ્રથમ વખત રેપો રેટ વધારવાની જાહેરાત કરી હતી. આરબીઆઈએ ૪૦ બેસિક પોઈન્ટનો વધારો કર્યો હતો. રિઝર્વ બેંકે રિઝર્વ રેશિયો એટલે કે સીઆરઆરમાં ૫૦ બેસિક પોઈન્ટનો વધારો કર્યો હતો. આરબીઆઈની આ જાહેરાત બાદ તમામ પ્રકારની લોન મોંઘી થઈ ગઈ છે. દેશમાં મોંઘવારીના મોરચે સામાન્ય લોકોને ઝટકો લાગ્યો છે. ખાવા - પીવાની વસ્તુથી લઈને મોંઘા ઈંધણને કારણે રિટેલ મોંઘવારી દરનો આંકડો ૧૮ મહિનાના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગયો છે. એપ્રિલ મહિનામાં રિટેલ ફુગાવાનો દર ૭ ટકાને પાર પહોંચી ગયો છે. આંકડા મંત્રાલય દ્વારા જાહેર



કરવામાં આવેલા આંકડા પ્રમાણે એપ્રિલ ૨૦૨૨માં છુટક ફુગાવો ૭.૭૯ ટકા રહ્યો છે. જયારે માર્ચ ૨૦૨૨માં રિટેલ ફુગાવો ૬.૯૫ ટકા હતો. સૌથી વધુ રિટેલ ફુગાવો સપ્ટેમ્બર ૨૦૨૦માં ૭.૩૪ ટકા રહ્યો હતો. તો દેશમાં મોંઘવારીને લઈને ૮ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. રિટેલ ફુગાવાનો દર ૭.૭૯ ટકા પર પહોંચી ગયો છે. જે રિઝર્વ બેંક દ્વારા નક્કી મોંઘવારી દરની અપર લિમિટ ૬ ટકાથી ખુબ વધુ છે. એપ્રિલમાં મોનિટરી પોલીસીની જાહેરાત સમયે રિઝર્વ બેંકે ૨૦૨૨-૨૦૨૩માં મોંઘવારી દર ૫.૭ ટકા રહેવાનું અનુમાન વ્યક્ત કર્યુ હતું. એનએસઓના ડેટા પ્રમાણે શહેરી વિસ્તારમાં મોંઘવારી ખુબ વધી છે. શહેરી વિસ્તારમાં મોંઘવારી દર ૮.૩૮ ટકા રહ્યો છે. જયારે ગ્રામીણ વિસ્તારમાં રિટેલ ફુગાવો ૭.૦૯ ટકા રહ્યો છે. રશિયા - યુક્રેન વચ્ચે ચાલી રહેલ યુધ્ધને કારણે કાચા તેલના ભાવમાં વધારો થયો છે. ૨૨ માર્ચથી સરકારી તેલ કંપનીઓએ ઈંધણ ભાવમાં વધારો કરવાનું શરૂ કર્યુ હતું. ત્યારબાદ પેટ્રોલ અને ડીઝલ ૧૦ રૂપિયા મોંઘા થઈ ગયા છે. તેના કારણે વસ્તુઓની કિંમત પણ વધી હતી. તો એક એપ્રિલથી પ્રાકૃતિક ગેસના ભાવમાં પણ વધારો થયો, જેના કારણે પીએનજી અને સીએનજી મોંઘા થઈ ગયા છે. રશિયા યુક્રેન યુધ્ધને કારણે ખાવા પીવાની ઘણી વસ્તુઓના ભાવમાં પણ વધારો થયો છે. તો ઈંધણ મોંઘુ થતા ટ્રાન્સપોર્ટર્સે ભાડામાં વધારો કરી દીધો છે. જેથી માલ હેરફેરની કિંમત પણ વધી છે. એપ્રિલ મહિનામાં ખાવા - પીવાની વસ્તુના મોંઘવારી દરમાં મોટો ઉછાળ આવ્યો છે. એપ્રિલમાં ખાદ્ય મોંઘવારી દર ૮.૩૮ ટકા રહ્યો છે, જ્યારે તે માર્ચમાં ૭.૬૮ ટકા હતો. ફૂડ બાસ્કેટમાં વધારાને કારણે ખાવાના તેલના ભાવ વધ્યા છે. શાકભાજી - ફળની કિંમતોમાં પણ વધારો આવ્યો છે. મીટ અને માછલીની કિંમત પણ વધી છે.

























સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શનિવાર, તા.૧૪-૦૫-૨૦૨૨

સ્વચ્છતા અભિયાનના લીરેલીરા : અધિકારીઓનું અકળ મૌન

# અમરેલી એસ.ટી. બસ સ્ટેશનમાં ગંદકીના ગંજ

**બસ સ્ટેશનમાં આવતા મુસાફરો તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવી રહ્યાં છે**

અમરેલી,તા.૧૩

રાજય સરકાર દર વર્ષે સ્વચ્છતા પાછળ કરોડો રૂપિયાનું આંધણ કરી રહી છે. સ્વચ્છતા અભિયાનની ઉજવણી કરી લોકોને સ્વચ્છતા અંગેના પાઠ શીખવી રહી છે ત્યારે સરકારના જ તાબામાં આવતા અમરેલીના બસ સ્ટેશનમાં સફાઈના નામે મીંડુ જોવા મળતુ હોવાથી એસ.ટી. તંત્ર સામે મુસાફરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અમરેલી બસ સ્ટેશનમાં જાણે સફાઈ નામનો શબ્દ જ ન હોય તેમ બસ સ્ટેશનમાં કોઈ જ સફાઈ કરવામાં આવતી નથી. બસ સ્ટેશનમાં જયાં નજર કરો ત્યાં ગંદકી જ દેખાઈ રહી છે. ગંદકી બાબતે એસ.ટી. અધિકારીઓને આંખે અંધાપો આવી ગયો હોય તેવુ લાગી રહ્યુ છે. સફાઈના અભાવે



એસ.ટી.ડેપોની હાલત અત્યંત દનનીય બની જવા પામી છે. બસની અવરજવરથી ધૂળની ડમરીઓ ઉડી રહી છે જેના કારણે કચરો પ્લેટફોર્મ પર પણ દેખાઈ રહ્યો છે સાથોસાથ પ્લેટફોર્મ પર પાન-માવાની પીચકારીના નિશાન પણ દેખાઈ રહ્યાં છે. બસ સ્ટેશનની અંદર આવેલા શૌચાલય માટેનું અને પીવાનું પાણી પણ એક જ ટાંકીમાંથી આવતુ હોવાનું જાણવા મળ્યુ છે. ગટરના ગંધાતા પાણી બસ સ્ટેશનમાં ફરી વળતા હોવાથી મુસાફરો ભારે હાલાકી ભોગવી રહ્યાં છે. આ બાબતે વિભાગીય નિયામકને રજૂઆત કરતા તેમણે પણ જવાબદારીમાંથી હાથ ખંખેરી લીધા હોવાથી ગંદકી બાબતે મુસાફરોમાં ભારે રોષની લાગણી જન્મી છે. છેલ્લા ત્રણ વર્ષથી હંગામી બસ સ્ટેશન કાર્યરત હોય ત્યારે આ બસ સ્ટેશનમાં સફાઈના નામે મીંડુ જોવા મળી રહ્યું છે. અમરેલીના બસ સ્ટેશનમાં દરરોજ હજારો મુસાફરોની અવર જવર હોય ત્યારે બસ સ્ટેશનમાં સફાઈના અભાવે એસ.ટી. તંત્રની આબરૂનાં ધજાગરા થઈ રહ્યાં છે.

# ખેડૂતોના પ્રશ્ને હિરેનભાઈ હિરપરાએ રાજ્યના કૃષિમંત્રી સાથે બેઠક યોજી

અમરેલી તા.૧૩

ગુજરાત રાજ્યના ખેડૂતોને ખેતીને લગતાં વિવિધ પ્રશ્નો તેમજ ખેતીલક્ષી યોજનાઓના અમલીકરણમાં થતી વિસંગતતાઓ માટે હિરેનભાઈ હિરપરાએ રાજ્યના કેબિનેટ કૃષિમંત્રી મુકેશભાઈ પટેલ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં રાજ્યના ઉચ્ચ



અધિકારીઓ પણ હાજર રહ્યાં હતાં. ગુજરાત ભાજપ કિસાન મોરચા દ્વારા તાર ફેન્સીંગ યોજના, પાણીના ટાંકા, યાંત્રિક સહાય, સોલાર યોજના સહિત ખેડૂતોના મહત્વના પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખ હિતેષભાઈ પટેલ, સરદારભાઈ ચૌધરી, પ્રદેશ હોદેદારો, જિલ્લાના પ્રમુખો અને મહામંત્રીઓ હાજર રહ્યાં હતાં.

# ગ્રામ પંચાયતના વીસીઈઓના પ્રશ્નોનું નિરાકરણ લાવવા પરેશ ધાનાણીની માંગ

અમરેલી તા.૧૩

ગુજરાતની ગ્રામ પંચાયતના વીસીઈઓના પડતર પ્રશ્નોનું હજુ સુધી કોઈ નિરાકરણ ન લાવતાં ધારાસભ્ય પરેશભાઈ ધાનાણીએ આ બાબતે રાજ્ય સરકારને પત્ર પાઠવી વીસીઈઓના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માંગ કરી છે. પરેશભાઈ ધાનાણીએ આ બાબતે જણાવ્યું હતું કે, ઈ-ગ્રામ વીસીઈને ૧ રૂપિયો પણ પગાર આપવામાં આવતો નથી, અને ગુજરાત રાજ્યના ૧૩૦૦૦ જેટલા વીસીઈઓનું શોષણ કરવામાં આવી રહેલ છે, વીસીઈના મૂળભૂત હક્કોનું હનન થઈ રહ્યું છે, અધિકારીઓ દ્વારા દબાણ આપીને રજાને દિવસે તથા રાત્રે



પણ કામ કરાવવામાં આવે છે, કર્મચારીઓનું કામ પણ અમુક સમયે વીસીઈઓ પાસે કરાવવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં વીસીઈઓ માનસિક તણાવ હેઠળ કામ કરે છે, આટલુ બધુ કામનું ભારણ હોય છતાં આ ભાજપ સરકાર વીસીઈઓને યોગ્ય પગાર - ધોરણ આપતી નથી તેમ વધુમાં જણાવ્યું હતું.

# તોરી ગામે છેવાડાના ઘરોમાં વીજ કનેકશનનો લાભ મળશે

તોરી તા.૧૩

વડિયાના તોરી ગામે છેવાડાના ઘરોમાં રહેતા ગરીબ પરિવારોએ વીજ કનેકશન માટે વીજતંત્રને તમામ પ્રકારના દસ્તાવેજો આપ્યા બાદ વીજતંત્ર દ્વારા ૧૪ ગરીબ પરિવારોને મફત વીજ યોજનામાં સમાવેશ કર્યા બાદ યોજનાનો લાભ આપવામાં ન આવતાં આ અંગે સ્વાગત કાર્યક્રમમાં ગરીબ પરિવારો દ્વારા રજૂઆત



કરવામાં આવી હતી. જેથી વડિયા વીજ કચેરી દ્વારા ખેતીવાડી વિસ્તારમાંથી પાંચ વીજ મીટર આપવામાં આવ્યા હતાં. ખેતીવાડી વિસ્તારમાંથી વીજ કનેકશન મળતાં ગરીબ પરિવારોને પુરતી વીજળી મળતી ન હોવાથી આ અંગે તોરી આઝાદ યુવક મંડળ દ્વારા સાંસદને રજૂઆત કરતાં વીજતંત્ર દ્વારા સરકારી યોજનાનો લાભ આપવાના પુરતા પ્રયાસો થતાં ગરીબ પરિવારોમાં આનંદ છવાયો હતો, તેમ વિનુભાઈ કોટડીયાની યાદીમાં જણાવાયું છે.

# ધારેશ્વરમાં પ્રવેશદ્વારના લોકાર્પણ પ્રસંગે અગ્રણીઓની ઉપસ્થિતિ

રાજુલા તા.૧૩



તસવીર : અમરૂભાઈ બારોટ

રાજુલાના ધારેશ્વર ગામે સોજીત્રા પરિવાર દ્વારા પ્રવેશદ્વારના લોકાર્પણ પ્રસંગે હરીનંદન સ્વામી, હિરાભાઈ સોલંકી, ગોરધનભાઈ ઝડફીયા, મહેશભાઈ કસવાળા, દિલીપભાઈ સોજીત્રા, છગનભાઈ ધડુક, જિજ્ઞેશભાઈ પટેલ, સાગરભાઈ સરવૈયા સહિત ભાઈઓ - બહેનો અને ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# કેરીયાનાગસ ગામે ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

કેરીયાનાગસ તા.૧૩

કેરીયાનાગસ ગામે જાળીયા ઢોરાવાળી ખોડિયાર મંદિરે ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો હતો. આ મહોત્સવમાં ત્રણ દિવસ સુધી ગ્રામજનોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. મુખ્ય યજમાન ઉદ્યોગપતિ પરશોત્તમદાસ નાકરાણી રહ્યાં હતાં. મહોત્સવને



તસવીર :ઘનશ્યામભાઈ લાંભીયા

સફળ બનાવવા માટે નારણભાઈ લાઠીયા, જગદીશભાઈ લાઠીયા, દિનેશભાઈ છત્રોલા, ગોવિંદભાઈ હિરપરા, નીરૂઆતા છત્રોલા, ઘનશ્યામભાઈ લાંભીયાએ જહેમત ઉઠાવી હતી.

# પાંચતલાવડા સેવા સહકારી મંડળી લી. દ્વારા સહાય અર્પણ



તસવીર : સુરેશભાઈ ખુમાણ

પાંચતલાવડા તા.૧૩

પાંચતલાવડા સે. સ. મંડળીના સભાસદ ભરતભાઈ વિરડીયાનું અવસાન થતાં મૃતકના વારસદાર ભૌતિક વિરડીયાને સભાસદ કલ્યાણ નિધિમાંથી રૂા.૫૦૦૦નો ચેક મંડળીના મંત્રી જયદીપભાઈ ખુમાણના હસ્તે અપાયો હતો.

# વાંડળીયા - હરસુરપુર દેવળીયા માર્ગ રૂા.૧.૧૨ કરોડના ખર્ચે નવો બનશે

બાબરા તા.૧૩

બાબરા અને લાઠી તાલુકાને જોડતો અતિ મહત્વનો માર્ગ વાંડળીયા - હરસુરપુર દેવળીયા માર્ગ આશરે ૫.૬૦ કિલોમીટરનો રાજ્ય સરકારમાંથી ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે રૂા.૧.૧૨ કરોડના ખર્ચે મંજૂર કરી તેનું ખાતમુહૂર્ત કરી કામગીરી શરૂ



કરાવતા આ વિસ્તારના લોકોમાં રાહતની લાગણી જોવા મળી હતી. ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરે જણાવ્યું હતું કે લાઠી અને બાબરા એમ બે તાલુકાને જોડતો ૧.૧૨ કરોડના ખર્ચે બનનાર વાંડળીયા- હરસુરપુર દેવળીયા માર્ગની રજૂઆત વર્ષોથી ગ્રામજનો દ્વારા કરવામાં આવતી હતી. જેથી આ પ્રશ્ન હવે હલ કરવામાં આવ્યો છે.

# રાજુલા નાગરિક બેંકના નવા બિલ્ડીંગનું ખાતમુહૂર્ત



રાજુલા તા.૧૩

રાજુલા નાગરિક સહકારી બેંક વિવિધ સુવિધા સાથે બિલ્ડીંગ બનાવનાર હોવાથી બિલ્ડીંગ માટે ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતું. આ તકે બેંકના ડાયરેક્ટરો તેમજ બેંકના કર્મચારીઓ હાજર રહ્યાં હતાં. મહેન્દ્રભાઈ ધાખડા અને દાદા દ્વારા ખાતમુહૂર્ત કરાયું હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
DUNIYA KI SARVOTTAM Fi ENGINE TECHNOLOGY
AB HAR HF DELUXE MEIN.

નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

ડૉ. ગુંજન મોવલીયા
M.B.D.C.H. (Mumbai)
FPCC (KDAH Mumbai)
Pediatric Intensivist
PICU Fellow
કોકીલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલ, મુંબઈ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ
જન્મથી ૧૮ વર્ષ સુધીના બાળકોના રોગોનું નિદાન તથા સારવાર ::
Level iii NICU - નવજાત શિશુનુ સઘન સારવાર કેન્દ્ર ::
Level iii PICU - બાળકો માટેનું સઘન સારવાર કેન્દ્ર ::
રસીકરણ કેન્દ્ર (Vaccination Centre) ::
૨૪ કલાક ઈમરજન્સી સારવાર ::
સેંન્ટ્રલ ઓકસીજન સિસ્ટમ ::
દાખલ બાળકો માટે સ્પેશિયલ તથા જનરલ રૂમની સુવિધા ::
પોર્ટેબલ X ray તથા સોનોગ્રાફીની સુવિધા ::
Hamilton Ventilator (Made in Switzerland) ::
(કૃત્રિમ સ્વાસ આપવા માટેનું અતિ આધુનિક સાધન)
CPAP/HFNC ::
નવજાત શીશુ તથા સઘન
બાળરોગ નિષ્ણાંત
કિલ્લોલ ચિલ્ડ્રન હોસ્પિટલ
પહેલો માળ, સેવા ભારતી હોસ્પિટલ,
કેરીયા રોડ, અમરેલી. મો. ૯૦૨૩૯ ૫૧૪૦૧

# ગોઢાવદર પ્રા. શાળામાં વિપુલભાઈ દુધાત દ્વારા "ચાલો સંવાદ સેતુ રચીએ" કાર્યક્રમ

અમરેલી, તા. ૧૩

લીલીયા તાલુકાની ગોઢાવદર પ્રાથમિક શાળામાં અમરેલી જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન વિપુલભાઈ દુધાત દ્વારા આયોજિત "ચાલો સંવાદ સેતુ રચીએ" કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધો. ૧ની વિદ્યાર્થિની પડસારીયા ધ્રુવિકા દ્વારા વિપુલભાઈ દુધાતનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમજ



શાળાના આચાર્ય વર્ષાબેન જોષી, સરપંચ હીરાબા તથા શાળાના શિક્ષક ધવલભાઈ જોષી દ્વારા તેમને સુતરની આંટી પહેરાવવામાં આવી હતી. આ તકે ધો. ૮ના વિદ્યાર્થીઓનો વિદાય કાર્યક્રમ પણ યોજાયો હતો. ચેરમેન વિપુલભાઈ દુધાતે જણાવ્યું કે, વાલીઓ શિક્ષણ પ્રત્યે જાગૃત બને, શિક્ષણમાં રસ લેતા થાય અને આ ગામનું એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે જવાબદારી આપણી છે. તેમણે શાળાના શિક્ષકોની સિદ્ધિની પણ નોંધ લીધી હતી.

# ફરાર થઈ ગયેલા આજીવન કેદની સજા ભોગવતા કેદીને એલસીબીએ ઝડપ્યો

## ખૂનના ગુનામાં આજીવન કેદની સજા કરવામાં આવી હતી

અમરેલી, તા. ૧૩

ખૂનના ગુનામાં આજીવન કેદની સજા ભોગવતા કેદીએ જામીન પર રજા મેળવ્યા બાદ



ફરાર થઈ જતા અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચ ટીમે કેદીને પકડી પાડ્યો હતો.

અમરેલી એલસીબી ટીમ જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે ખૂનના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલો ચિત્તલનો પાકા કામનો કેદી લખધીરસિંહ ઉર્ફે ભીખો કાળુભાઈ સરવૈયા (ઉ.વ.૪૨) જાફરાબાદ તાલુકાના રોહીસા ગામે બસ સ્ટેશન પાસે છે. જે બાદ પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. આરોપીને તા.૨૪-૦૪-૨૦૨૨ થી તા.૦૮-૦૫-૨૦૨૨ એમ ૧૫ દિવસના વચગાળાના જામીન મળ્યા હતા. જામીન પૂરા થયા બાદ તે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે હાજર થવાના બદલે ફરાર થઈ ગયો હતો.

# જિલ્લામાંથી કેફી પીણું પીને લથડિયા ખાતાં ૧૩ પકડાયા

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લામાંથી પોલીસે કેફી પીણું પીધેલી હાલતમાં ફરતાં ૧૩ ઈસમોને ઝડપી કાર્યવાહી કરી હતી. સરસીયા, લીલીયા, સમઢીયાળા, ટીંબી, મોટા જીંજુડા, ગરણી ગામેથી કેફી પીણું પીધેલી હાલતમાં ફરતાં ઈસમો મળી આવ્યા હતા. દામનગર અને લાઠીમાંથી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ઝડપાઈ હતી. પોલીસે બંને સ્થળેથી ૪૬૮ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી. આ સિવાય જિલ્લામાં ૧૨ લોકો પાસેથી દેશી દારૂનો જથ્થો મળ્યો હતો.

# હિન્દુ ધર્મ સેના-ગુજરાતના અમરેલી જિલ્લાના હોદ્દેદારોની વરણી કરાઈ

અમરેલી, તા. ૧૩

અખિલ ભારતીય સંત સમિતિ પ્રેરિત હિન્દુ ધર્મ સેના, ગુજરાતના અમરેલી જિલ્લા તથા તાલુકાના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકેની જવાબદારી મોટા આંકડીયાના રાજેશભાઈ બાવીશીને સોંપવામાં આવી છે. જ્યારે મહામંત્રી તરીકે ઉદયભાઈ કોઠીવાળ, ઉપપ્રમુખ તરીકે અલ્પેશસિંહ પરમાર, ભાભલુભાઈ વાળા, નયનભાઈ ધાનાણીની, સંગઠન મહામંત્રી તરીકે કૌશિકભાઈ દુધાત (તરકતળાવવાળા), મંત્રી તરીકે જયરાજભાઈ બસીયા, તુષારભાઈ દેસાઈ, રામકુભાઈ ડેર, કોષાધ્યક્ષ તરીકે હર્ષદગીરી ગોસાઈ, મીડિયા કન્વીનર તરીકે વરૂણભાઈ વેકરીયા, સો. મીડિયા કન્વીનર તરીકે સંજયભાઈ લાંભીયા, પ્રચાર પ્રસાર કન્વીનર તરીકે ભાવેશભાઈ પરમાર તેમજ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી છે.

# બે વર્ષથી ગુમ થયેલી મહિલાને અમરેલી AHTU ની ટીમે શોધી

અમરેલી, તા.૧૩

બે વર્ષથી ગુમ થયેલી મહિલાને એએચટીયુ ટીમ દ્વારા શોધી કાઢવામાં આવી હતી. સાવરકુંડલામાં રહેતી આશિયાબેન ચૌહાણ (ઉ.વ.૨૬) એપ્રિલ ૨૦૨૦માં દવાખાનાનું બહાનું બતાવી ઘરેથી નીકળ્યા બાદ કોઈને કહ્યા વગર પોતાની મેળે જતા રહ્યા હતા. AHTU મહિલા પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા ગુમ થનાર મહિલાને તા.૧૧-૦૫-૨૦૨૨ના રોજ રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના નાના સુખપર ગામેથી શોધી કાઢવામાં આવી હતી.

# શ્રી મોટા ઉજળા પે સેન્ટર શાળાના આચાર્યનો વિદાય-સન્માન સમારોહ

કુંકાવાવ, તા. ૧૩

મોટા ઉજળા પે સેન્ટર શાળાના આચાર્ય પ્રભાબેન ગજેરા તથા ધો. ૮ના વિદ્યાર્થીઓનો વિદાય-સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ તકે મોટી સંખ્યામાં અધિકારીઓ, પદાધિકારીઓ, વાલીઓ અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં દિપ પ્રોજેક્ટ અંતર્ગત શાળાની પસંદગી થતા



ટેબલેટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા અનોખી સિદ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

## અવસાન નોંધ

### સાવરકુંડલા

કાંતાબેન નાનાલાલ મહેતા તા. ૨-મે ને સોમવારના રોજ અરિહંત શરણ પામેલ છે. તેઓ ઘનશ્યામભાઇના માતુશ્રી થાય. તેમની પ્રાર્થનાસભા તા. ૧૪ ને શનિવારે સવારે ૧૦:૩૦ કલાકે કમાબાપા દોશી વાડી દેરાસર શેરી સાવરકુંડલા ખાતે રાખેલ છે.

### કોડીનાર

કોડીનાર નિવાસી વિષ્ણુપ્રસાદ વૈકુંઠરાય ઉપાધ્યાય (બટુકભાઇ) (ઉ.વ.૯૦) તે સ્વ. ડો. જીતેન્દ્ર ઉપાધ્યાય, સ્વ. જયપ્રકાશ ઉપાધ્યાયના મોટાભાઇ, પ્રમોદભાઇના મામા તથા મલ્લિકાબેન, જનાર્દનભાઇ, કમલભાઇ, અંશુમનભાઇના પિતાનું તા. ૧૨ના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૧૪ના રોજ સાંજે ૩ થી ૬ કલાકે માળીશેરી, બ્રહ્મપુરી ખાતે રાખેલ છે.

# ધારીના કાંગસા ગામે યુવકે ઝેરી દવા પી લેતા દોડધામ

ધારી, તા.૧૩

ધારી તાલુકાના કાંગસા ગામે એક યુવકની પત્ની પિયર જતી રહી હતી. જેને તેડવા જવા છતાં પરત ન આવતાં પતિને લાગી આવ્યું હતું અને ઝેરી દવા પી લીધી હતી. ઘટના અંગે પોલીસમાં જાહેર થતા તપાસ હાથ ધરી હતી. બનાવ અંગે હિંમતભાઈ ફુલાભાઈ રાધનપરા (ઉ.વ.૫૭) એ જાહેર કર્યા મુજબ, હરજીભાઈ કનુભાઈ રાધનપરા (ઉ.વ.૩૨)ની પત્ની તેના પિયર જતી રહી હતી. જેને મૃતકનો ભત્રીજો તેડવા ગયો હતો અને તેમ છતાં પરત આવી નહોતી. જેને લઈ લાગી આવતાં કાંગસા ગામે ગંજવાળા ઢોરા પાસે પોતાની મેળે ઝેરી દવા પી લીધી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.બી.ઝીંઝાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# દંપતીને આયસર ચાલકે ટક્કર મારી

બગસરા, તા.૧૩

બગસરાના નાના મુંજીયાસર ગામે રહેતું એક દંપતી લગ્નમાંથી પરત ફરતું હતું ત્યારે આયસર ચાલકે અડફેટે લીધુ હતું. આ અંગે હરસુખભાઈ વલ્લભભાઈ ગોંડલીયા (ઉ.વ.૪૮)એ આયસર નંબર જીજે-૧૮-ટી-૨૪૯૪ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તેમના પત્ની સાથે લગ્નમાંથી પરત આવતા હતા ત્યારે ઘંટીયાણ અને ધારી ગુંદાળી વચ્ચે પહોંચતા ધસમસતા આવેલા આયસરે ટક્કર મારી હતી. જેમાં તેમને બંનેને ઈજા થઈ હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એમ.મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાં ત્રણ લોકોએ ઝેરી દવા પીધી

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લામાં વિવિધ બનાવમાં ત્રણ લોકોએ અલગ અલગ કારણોસર ઝેરી દવા પીધી હતી. રાજુલા તાલુકાના કુંભારીયા ગામે વાડીએ રહેતી એક પરિણીતાએ બે દિવસ પહેલા રાત્રે લાઈટ ન હોવાથી ભૂલમાં દવાવાળા વાસણ વડે પાણી પી લેતાં સારવાર અર્થે લઈ જવાઈ હતી. અમરેલી શહેરમાં રહેતા એક યુવકે જિંદગીથી કંટાળી કામનાથ મંદિર પાસે અનાજમાં નાંખવાની ટિકડી પી લીધી હતી. જે બાદ ઉલટી થતાં સારવાર અર્થે લઈ જવાયો હતો. અમરેલીમાં રહેતાં એક યુવકને છેલ્લા બે-ત્રણ દિવસથી ક્યાંય ગમતું નહોતું અને માથું દુઃખતુ હતું જેથી કંટાળી ઉંદર મારવાની દવા પી લીધી હતી.

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી, એમએજી શાખા, બગસરા, જિ.અમરેલી**

નં.એમએજી/વશી/ ૨૧/૨૦૨૨ રજી.નં ૨૧/૨૦૨૨ તા.૧૨/૦૫/૨૦૨૨

અરજદાર:- શ્રી ડાયબેન ભીખાભાઈ ડોબરીયા
રહે.મું.બાંભણીયા, તા.વડીયા, જિ.અમરેલી.

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- જન્મ- મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
-વ-
ત.ક.મ.શ્રી.બાંભણીયા, મું.બાંભણીયા, તા. વડીયા, જિ.અમરેલી.

**//નોટીસ//**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના વડીયા તાલુકાના બાંભણીયા ગામના રહીશ શ્રી ડાયબેન ભીખાભાઈ ડોબરીયા તેમના જેઠના દીકરા શ્રી નાનજીભાઈ નાથાભાઈ ડોબરીયાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૫૧ ના રોજ વડીયા તાલુકાના બાંભણીયા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૫/૦૬/૨૦૨૨ ના રોજ ૧૨:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

સ્થળ:- બગસરા
તા.૧૨/૦૫/૨૦૨૨

કોર્ટનો સિક્કો

સહી
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
બગસરા


માતુશ્રી ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ
કૈલાશ નગર, આટકોટ - ૩૬૦૦૪૦ તા. જસદણ જી.રાજકોટ

પ્રતીક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ
મહિલા નિવાસી સંકુલ
સંચાલિત

પ્રોવિઝનલ પ્રવેશ ચાલુ છે.

શું આપ આપની દિકરીને ગુણવત્તા યુકત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ સલામતી કવચ ધરાવતા મહિલા નિવાસી કેમ્પસની શોધમાં છો ?

- આપની દિકરી શહેરમાં ઘરથી દૂર કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે અપડાઉન કરે છે ?
- આપની દિકરી શહેરમાં હોસ્ટેલ / રૂમ ભાડે રાખી દૂર કોલેજ જાય છે ?
- આપની દિકરી દૂર કોલેજમાં કો- એજ્યુકેશન માં શિક્ષણ મેળવે છે ?
- **સંપૂર્ણ મોબાઈલ ફોન પ્રતિબંધિત કેમ્પસ !**
- ટી.વી. ચેનલો. સ્માર્ટ મોબાઇલ ફોન / નેટ આપના સંતાનનો રોજ બે થી ત્રણ કલાકનો સમય વ્યય કરે છે માનસીક પ્રદુષણ અને ટેન્શનનો ભોગ બનતી દિકરીને બચાવવા ઇચ્છો છો ?
- દિકરીને માત્ર મહિલા નિવાસી કેમ્પસમાં એકાગ્રતાથી અભ્યાસ કરાવવા ઇચ્છો છો ?
- આપ ઇચ્છો છો કે આપની દિકરી ડીસ્ટીંકશન માકર્સ સાથે ગ્રેજ્યુએશન પાસ કરે અને જોબ મેળવવાના ચાન્સ વધી જાય/બેરોજગાર ન રહે.
- આપ ઇચ્છો છો કે આપની દિકરી ગ્રેજ્યુએશન પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સહેલાઇથી ઉત્તીર્ણ થઇ મોભાદાર સરકારી નોકરી કલાસ - ૧, કલાસ -૨ મેળવે તેવુ ઇચ્છો છો ?
- દિકરીની સલામતીને ટોચની અગ્રતા આપવામાં આવતી હોય ?
- Quantity Education ના Quality Education બદલે આપવામાં આવતું હોય
- ઉચ્ચ કક્ષાની શિસ્ત અને સંસ્કારોનું ઘડતર થતું હોય

આનો જવાબ છે ગુજરાતનું "સમસ્ત પટેલ સમાજનું"

સર્વશ્રેષ્ઠ મહિલા નિવાસી કેમ્પસ " પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ " - આટકોટ

શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક કન્યા શાળા - આટકોટ
ધોરણ - ૪ થી ૮

માતુશ્રી સંતોકબા ધોળકિયા માધ્યમિક કન્યા શાળા-આટકોટ
ધોરણ - ૯ થી ૧૦

માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય-આટકોટ
ધો.૧૧ થી ૧૨ સામાન્ય પ્રવાહ/વિજ્ઞાન પ્રવાહ

સ્કૂલ અને હોસ્ટેલમાં પ્રવેશ વર્ષ : ૨૦૨૨-૨૩માં પ્રવેશ ચાલુ છે.

Mo. +91 96872 03855 Mo. +91 94272 31583
Mo. +91 98258 27280 Mo. +91 75674 57533

તા.ક. : જસદણ તાલુકા લેઉવા પટેલ કર્મચારી મંડળ દ્વારા સંસ્થામાં અભ્યાસ કરતી સમાજની દિકરીઓ માટે ખાસ સ્કોલર શીપ



KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય,
સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નીર્મળ સાવલીયા
૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા
૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ

કિચન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા

ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ

ઓછા સમયમાં
અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું
એક આધુનિક પગલું

૪૬ સરદાર શોપિંગ સેન્ટર,
જિલ્લા પંચાયત રોડ,
અમરેલી








વોલ્ટાસના ઓથો.ડીલર A/C - DEEP FREEZE - BOOTLE COOLER - WATER COOLER
એવરેસ્ટ ટ્રેડર્સ(રેફ્રીજરેશન) મો.૯૮૨૫૩ ૩૫૬૪૫ સર્વિસ નં.૭૦૧૬૩ ૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪



અમરેલી, બગસરા બાદ
હવે દીવમાં...
પ્રોફેશનલ ફેમીલી બોડી સ્પા






Appointment Now } 70169 65665 { બાયપાસ, અમરેલી
Appointment Now } 95378 65665 { ઘોઘલા બીચ, દીવ

# યુક્રેનથી પરત ફરેલા વિદ્યાર્થીઓને ભારતની મેડિકલ કોલેજોમાં પ્રવેશ આપવા પરેશ ધાનાણીની માંગ



અમરેલી, તા. ૧૩

ધારાસભ્ય પરેશભાઈ ધાનાણીએ યુક્રેનથી પરત ફરેલા વિદ્યાર્થીઓને ભારતની મેડિકલ કોલેજોમાં પ્રવેશ આપવા માંગ કરી છે. તેમણે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, બે માસથી વધુ સમય બાદ પણ રશિયા અને યુક્રેન વચ્ચે હજુ પણ યુદ્ધ ચાલી રહ્યું છે. જેને લીધે ત્યાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઈન્ડીયામાં જ છે અને ઓનલાઈન અભ્યાસ કરી રહ્યા છે. જોકે, હવે ભારતના વિદ્યાર્થીઓ કહે છે કે, અમારે યુક્રેન નથી જવું. ભારતની જ મેડિકલ કોલેજોમાં પ્રવેશ આપવાની માંગ ઉઠી છે. યુક્રેનની વેલ્ટ સાઈડ આવેલા ટર્નોપીલ શહેરની નેશનલ મેડિકલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ યુક્રેનમાં યુદ્ધ બાદ ભારત આવ્યા ત્યારથી એટલે કે બે માસથી ઓનલાઈન અભ્યાસ કરી રહ્યા છે. એમ.બી.બી.એસ.ના ચોથા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષા ૨૨મી મેથી શરૂ થશે, જે પણ ઓનલાઈન લેવાશે. ત્યાં ભારતના અંદાજે ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ત્યાં વાર્ષિક રૂ. ૩.૫૦ લાખ ફી છે. આવા વિદ્યાર્થીઓને ભારતની જ મેડિકલ કોલેજોમાં આગામી વર્ષે પ્રવેશ આપવાની રજૂઆત સરકાર સમક્ષ કરવામાં આવી છે. હજુ એમ.બી.બી.એસ.ના બે વર્ષ બાકી હોય અને હાલ ત્રીજા વર્ષ બાદ ક્લીનીકલ પ્રેક્ટીસ હોય છે, પરંતુ ઓનલાઈન એજ્યુકેશનને લીધે વિદ્યાર્થીઓથી પ્રેક્ટિકલ થઈ શકતું નથી. જેથી યુક્રેનથી પરત આવેલા ભારતીય વિદ્યાર્થીઓને ભારતની જ મેડિકલ કોલેજમાં પ્રવેશ આપવામાં આવે.

# સંઘાણી પરિવારને સાંત્વના પાઠવવા અમરેલી પહોંચ્યા નરેશભાઈ પટેલ



અમરેલી, તા. ૧૩

ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના ભાઈ તથા જિલ્લા બેંકના એમ.ડી. ચંદુભાઈ સંઘાણીનું અવસાન થતા અનેક નામી-અનામી લોકો, સાહિત્યકારો, સામાજિક - રાજકીય આગેવાનોએ સંઘાણી પરિવારને સાંત્વના પાઠવી હતી. આજે ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ સંઘાણી પરિવારને સાંત્વના પાઠવવા અમરેલી ખાતે પહોંચ્યા હતા. તેમણે દિલીપભાઈ સંઘાણીને મળી આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું હતું. આ પ્રસંગે રમેશભાઈ કાથરોટીયા, મનુભાઈ દેસાઈ, દયાળભાઈ સંઘાણી, અશોકભાઈ ભાદાણી, ભરતભાઈ ચકરાણી, સંજયભાઈ રામાણી, વિજયભાઈ દેસાઈ, ભરતભાઈ બોદર સહિત ખોડલધામ ટીમની સાથે જિલ્લા ભાજપ પ્રમુખ કૌશિકભાઈ વેકરીયા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે. રૈયાણી, સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત, શરદભાઈ ધાનાણી, સુરેશભાઈ કોટડીયા સહિતના આગેવાનોએ પણ ઉપસ્થિત રહી શોક વ્યક્ત કર્યો હતો.

### અમરેલી રૂરલ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી

# સાજીયાવદર ગામે ગ્રામ પંચાયતની ચૂંટણીના મનદુઃખમાં ધમકી અપાઈ

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાયાને ઘણો સમય થઈ ગયો હોવા છતાં હજુ પણ ચૂંટણીના મનદુઃખમાં ગાળો બોલી ધમકી આપવાની ઘટના સામે આવી રહી છે. સાજીયાવદર ગામે રહેતા એક પુરુષે ચૂંટણીના મનદુઃખમાં તેને ગાળો આપી મારી નાંખવાની ધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવી હતી. ખેતીકામ કરતાં હરેશભાઈ મનસુખભાઈ સાવલિયા (ઉ.વ.૪૨)એ અનિરુદ્ધભાઈ દેવકુભાઈ ખુમાણ, જયાબેન દેવકુભાઈ ખુમાણ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ ગ્રામ પંચાયતની ચૂંટણીનું મનદુઃખ રાખી અનિરુદ્ધભાઈએ બે દિવસ પહેલા રાત્રે સવા અગિયાર વાગે આવી તેમની સાથે મારામારી કરી હતી. ઉપરાંત લોખંડની પાઈપનો ફટકો માર્યો હતો અને તેની માતાએ લાકડી વડે માર માર્યો હતો અને જેમ ફાવે તેમ ગાળો બોલી મુંઢ ઈજા પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી હતી. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.એ.સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીમાં પત્ની સાથે વાત કરતાં યુવકને સમજાવવા જતાં ગાળો બોલી ધમકી

ધારી, તા.૧૩

ધારીમાં એક યુવકની પત્ની સાથે એક યુવક સોશિયલ મીડિયા દ્વારા વાત કરતો હતો. જેને લઈ પત્નીએ પતિને વાત કરી હતી. જે બાદ તેનો પતિ તે યુવકને સમજાવવા જતાં તેને ગાળો બોલી ધમકી આપવામાં આવી હતી. આ બનાવ અંગે આફીદીભાઈ બેલીમ (ઉ.વ.૨૫)એ ઝુબેરભાઈ બ્લોચ તથા સાહીલભાઈ કુરેશી સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે, આફીદીભાઈના પત્નીને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં દિલાવરભાઈ સરવૈયા સાથે ફ્રેન્ડશીપ થતા અવાર-નવાર વાતચીત કરતા હતા. દિલાવરભાઈએ તેમના પત્નીને ઝુબેર પાર્ટ-૨ આવશે તેવો મેસેજ કર્યો હતો. જેથી તેમણે આ મેસેજ પતિને બતાવ્યો હતો. જેને લઈ તેઓ ઝુબેરભાઈને સમજાવવા જતા ગાળો આપી ઢીકાપાટુ મારી મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# ખાંભાના જામકા ગામે બે પક્ષોએ નોંધાવી સામસામી ફરિયાદ

ખાંભા, તા.૧૩

ખાંભા તાલુકાના જામકા ગામે બે પક્ષોએ એક બીજા સામે ફરિયાદ નોંધાવી હતી. લખુબેન મનાભાઈ મકવાણા (ઉ.વ.૪૦) એ દાદુભાઈ ભાણાભાઈ મકવાણા, બાલુભાઈ દાદુભાઈ, હીમુબેન દાદુભાઈ મકવાણા તથા હરેશભાઈ દાદુભાઈ મકવાણા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાના ઘરે હતા ત્યારે સાહેદ ઘનશ્યામભાઈ તેના ઘરે દોડીને આવ્યા હતા. આરોપીઓ તેની પાછળ આવ્યા હતા અને તેમણે ઘનશ્યામને ઘરની બહાર કાઢો, તેણે અમારી સાથે અગાઉ માથાકુટ કરેલ છે તેમ કહ્યું હતું. જેથી તેમણે ઘનશ્યામભાઈને બહાર કાઢવાની ના પાડતા આ તેઓ ઉશ્કેરાઈને ગાળો આપી મારકુટ કરવા લાગ્યા હતા. જે બાદ દાદુભાઈ ભાણાભાઈ મકવાણા (ઉ.વ.૪૯)એ લાલજીભાઈ કાળાભાઈ મકવાણા, ઘનશ્યામ, લાખુબેન તથા બાધીબેન સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ ખેતરે મજૂરી કરવા જતા હતા ત્યારે મુનાભાઈ મકવાણાની શેરી પાસે પહોંચતા ત્યાં તેમને ગાળો આપવા લાગ્યા હતા. જેથી તેમણે ગાળો આપવાની ના પાડતાં લોખંડના પાઈપ વતી માથાના ભાગે ઈજા કરીને ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો.

# અમરેલીમાં સોડા આપવામાં મોડું થતાં દુકાનદારને ફટકાર્યો

અમરેલી, તા.૧૩

અમરેલી શહેરમાં લુખ્ખા તત્વોને કાયદાનો ડર ન હોય તેમ લાગી રહ્યું છે. એક દુકાનદારને સોડા આપવામાં મોડું થતાં તેને ફટકાર્યો હતો. આ બનાવ અંગે ભદ્રસિંહ રણજીતસિંહ ચૌહાણ (ઉ.વ.૫૨)એ છત્રપાલ વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની વિગત પ્રમાણે, ભદ્રસિંહની લાઠી ચોકડી, ગુરૂદત્ત પેટ્રોલ પંપની સામે, સતનામ પાન પાર્લર નામની પાન માવાની તથા દ્વારકાધીશ નામની હોટલ પર આરોપીએ મોટર સાયકલ લઈને આવી સોડા માંગી હતી. સોડા દેવામા થોડુ મોડું થતાં તેમની દુકાનની અંદર આવી તેને તથા તેના ભાઈ મહિપતસિંહ ચૌહાણને શર્ટના કાઠલા પકડી, છાતીના તથા ખભાના ભાગે ઘુસતા, લાફા મારી, ગાળો આપી, તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.કે.મોરવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ખેલમહાકુંભમાં જિલ્લા કક્ષાની અન્ડર-૧૭ કબડ્ડી સ્પર્ધામાં વિદ્યાસભાના વિદ્યાર્થીઓની ટીમ ચેમ્પિયન



અમરેલી, તા. ૧૩

ખેલમહાકુંભની જિલ્લા કક્ષાની અન્ડર-૧૭ કબડ્ડી સ્પર્ધામાં અમરેલી વિદ્યાસભાના વિદ્યાર્થીઓની ટીમ ચેમ્પિયન જાહેર થતા શાળાનું ગૌરવ વધ્યું છે. જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતી એસ.એચ. ગજેરા ડિસ્ટ્રીક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલના વિદ્યાર્થીઓ માટે ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાએ વિદ્યાસભા કેમ્પસમાં યોજાયેલ કબડ્ડી સ્પર્ધામાં ૧૧ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં ફાઈનલમાં વિદ્યાસભા સ્કૂલના ભાઈઓની ટીમ વિજેતા થઈ હતી.

આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, ટ્રસ્ટીઓ અને કેમ્પસ ડાયરેક્ટર હસમુખભાઈ પટેલે તથા ડીએલએસએસ વિભાગના કોચ અને ટ્રેનર તથા આચાર્યોએ તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવી ઉજ્જવળ પ્રગતિ માટે શુભકામનાઓ પાઠવી હતી.

# હુલરીયા ગામની સીમમાં વાડીએ બોરિંગ દાર દાટી દીધાની ફરિયાદ

બગસરા, તા.૧૩

બગસરા ગામની સીમમાં વાડીમાં અજાણ્યા ઈસમે ગેરકાયદે પ્રવેશ કરી બોરિંગ દાર દાટી દીધાની ફરિયાદ નોંધાવી હતી. આ અંગે અમદાવાદના નિકોલ વિસ્તારમાં રહેતા ચતુરભાઈ પોપટભાઈ કોરાટ (ઉ.વ.૫૫) એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની વાડીએ અજાણ્યા ઈસમે આર્થિક નુકસાન કરવાના ઈરાદાથી ગેરકાયદે પ્રવેશ કર્યો હતો. જે બાદ વાડીની બોરિંગ દારની પાઈપ તોડી સબમર્સિબલ મોટર વાયર સાથે બોરિંગ દારમાં નાંખી બોરિંગ દાર ૧૦૦ મીટર વાયર સાથે બુરી દીધો હતો. પોલીસ ચોપડે નુકસાનની કુલ કિંમત રૂ.૧,૧૦,૦૦૦ જાહેર થઈ છે. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.ટી.બળસટીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭,
ઇસ્લામીક સંવત-૧૪૪૩, તિથિ:ચૌદસ,
તા. ૧૪-૦૫-૨૦૨૨, શનિવાર, સૂર્યોદય-૦૬:૦૩,
સૂર્યાસ્ત-૦૭:૦૮, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: ચિત્રા

## દૈનિક રાશિફળ

તા.૧૪-૫-૨૦૨૨ શનિવાર

મેષ: આજે શક્તિ અને સંપતિ વૃદ્ધિનો યોગ છે. વધુમાં લાંબા સમયથી ચાલતી કાયદાકીય બાબતોમાં જીતનો યોગ છે.

વૃષભ: આજે તમને સંતાન તરફથી આનંદદાયક સમાચાર મળશે. નવા ખર્ચ આવશે.

મિથુન: આજે રાજકીય સામાજિક ક્ષેત્રમાં વિરોધી મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.

કર્ક: લેવડદેવડની બાબતમાં આજે સાવચેત રહેવું. આજે વધારે ખર્ચને કારણે તમારે કોઈની પાસેથી ઉધાર લેવા પડી શકે છે.

સિંહ: આજે તમને થોડા સમયથી ચાલી રહેલી સમસ્યાઓથી રાહત મળી શકે છે.

કન્યા: વેપાર ક્ષેત્રે પ્રગતિ થશે. આત્મવિશ્વાસ અને યોગ્યતા સાથે કામ કરવામાં આવતી કોઈપણ મુશ્કેલી આજે પાર થઈ શકે છે.

તુલા: આજે સવારથી તમારો મૂડ સારો રહેશે. બુદ્ધિ અને કાર્યક્ષમતા સાથે તમે જે ક્ષેત્રમાં પ્રયત્ન કરશો ત્યાં સફળતા મળશે.

વૃશ્ચિક: આજે તમારો પ્રભાવ અને તેજ વધશે. તમને ગમે ત્યાંથી સારા સમાચાર મળશે.

ધનુ: આજે નોકરી, ધંધા અને રાજકીય ક્ષેત્રે પ્રગતિનો યોગ છે. વડીલ લોકો ક્ષેત્રમાં મદદ કરશે.

મકર: દિવસના પહેલા ભાગમાં, પારિવારિક જીવનમાં કેટલાક ઉતાર-ચડાવ આવશે.

કુંભ: મનમાં ભક્તિભાવ વિકસિત થશે. તમારા સ્પર્ધકો માટે માથાનો દુખાવો રહેશે.

મીન: રાજકીય અને સામાજિક ક્ષેત્રે તણાવની સ્થિતિ રહેશે. સાંજે ધંધામાં લાભની આશા રહેશે.

# બગસરાના માવજીંજવા ગામે શેઢાની વાડ મુદ્દે માથાકૂટ થઈ

બગસરા, તા.૧૩

ચોમાસું નજીક આવી રહ્યું છે ત્યારે અમરેલી જિલ્લાના ખેડૂતો શેઢા પાળા રિપેર કરવામાં લાગી ગયા છે. આ દરમિયાન બગસરાના માવજીંજવા ગામે શેઢાની વાડ મુદ્દે માથાકૂટ થઈ હોવાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે અમૃતભાઈ પોપટભાઈ વઘાસીયા (ઉ.વ.૫૦) એ બાવાભાઈ મોહનભાઈ સાવલીયા સામે ફરિયાદ નોંધાવી છે. જે મુજબ તેમની અને આરોપીની જમીન બાજુ-બાજુમાં આવેલી છે. અમૃતભાઈ શેઢે કામ કરતા હતા ત્યારે આરોપી આવીને શેઢાની વાડ કાપી નાંખ, નહીંતર હું સળગાવી દઈશ તેમ કહી ગાળો આપવા લાગ્યા હતા. જેથી તેમણે ગાળો બોલવાની ના પાડતાં આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને આજે તો તને મારી નાંખવો છે તેમ કહી હાથમાં ધારિયું લઈને મારવા દોડ્યા હતા અને એક ઘા માર્યો હતો. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.ટી.બળસટીયા વધુ તપાસ કરી રહ્યા છે.

### પોલીસે રૂ. ૧૪ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો

# અમરેલીમાં આઈપીએલ મેચ પર સટ્ટો રમાડતો આરટીઓ એજન્ટ ઝડપાયો

અમરેલી, તા.૧૩

અમરેલીમાં આઈપીએલ મેચ પર સટ્ટો રમાડતો વધુ એક શખ્સ પોલીસ ઝપટે ચડ્યો હતો. આરટીઓ એજન્ટ તરીકે કામ કરતો કપિલભાઈ પ્રવિણભાઈ રાઠોડ (ઉ.વ.૩૫) પોતાના આર્થિક ફાયદા માટે મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચેની મેચ પર આઈપીએલ સટ્ટો રમાડતાં ઝડપાયો હતો. તે ઓનલાઈન **parkerexch** નામની આઈ.ડી જેમાં રૂપિયા રૂા.૪૦૪૦ના બેલેન્સ વડે હારજીતનો સટ્ટો પોતાના મોબાઈલમાં રમી રમાડતા પકડાયો હતો. પોલીસે મોબાઈલ સહિત ૧૪,૦૪૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ પી.એ.ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.






તંત્રી સ્થાનેથી

# મોંઘવારીનો માર હવે અસહ્ય છે

ગત મહિને સાવ સામાન્ય ગણાતા લીંબુનો ભાવ એટલી હદ સુધી વધી ગયો કે એવું લાગતું હતું કે ગયા વર્ષે હાફૂસ કેરી આના કરતા સસ્તી હતી. જીવન જરૂરિયાતની તમામ વસ્તુઓના ભાવ હદ બહાર વધતા જાય છે.

ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને જીવન જીવવું અતિ મુશ્કેલ બન્યું છે. પેટ્રોલિયમ પેદાશના ભાવ કાબૂ બહાર જતાં મોંઘવારી આસમાનને આંબવા લાગી છે. આ માત્ર ગુજરાતમાં જ મોંઘવારી વધી છે એવું નથી જગતભરના તમામ દેશોમાં મોંઘવારી સમાન રીતે વધતી જાય છે. યુક્રેન યુદ્ધને કારણે અનાજના ભાવ પણ વધતા જાય છે. મોંઘવારી ક્યાં જઈને અટકશે તે કોઈ કહી શકે તેમ નથી.

દેશમાં મોંઘવારી ઘટવાનું નામ લઈ રહી નથી. એપ્રિલમાં જાહેર થયેલા રીટેલ ફુગાવાના આંકડા નિરાશાજનક રહ્યાં છે. એપ્રિલમાં રીટેલ ફુગાવો છેલ્લા આઠ વર્ષના ઉચ્ચ સ્તરે રહેતા કેન્દ્ર સરકાર, આરબીઆઈ અને દેશની પ્રજાની ચિંતામાં વધારો થયો છે. સતત વધી રહેલા ફુગાવાને પગલે બેંકો લોનના વ્યાજ દર વધારશે તેથી લોનના હપ્તાની રકમ વધવાની શક્યતા છે. ખાદ્ય વસ્તુઓ અને ઈંધણના ભાવ વધવાને કારણે એપ્રિલ મહિનામાં રીટેલ ફુગાવો વધીને ૭.૭૯ ટકાની આઠ વર્ષની ટોચે પહોંચી ગયો છે. ફુગાવો વધવાને કારણે આગામી મહિનામાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ( આરબીઆઈ ) ફરી એક વખત વ્યાજ દરોમાં વધારો કરશે તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે વધતા જતા ફુગાવા અંગે ચિંતા વ્યક્ત કરતા આરબીઆઈએ ગત સપ્તાહમાં રેપો રેટ ૦.૪૦ ટકા વધારીને ૪.૪૦ ટકા કર્યો હતો. રશિયા અને યુક્રેનના યુદ્ધને કારણે સમગ્ર વિશ્વમાં ખાદ્ય વસ્તુઓ અને ઈંધણના ભાવ વધી રહ્યાં છે. આ અગાઉ મે, ૨૦૧૪ માં કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ ( સીપીઆઈ ) આધારિત રીટેલ ફુગાવો ૮.૩૩ ટકા નોંધવામાં આવ્યો હતો. માર્ચ ૨૦૨૨ માં રીટેલ ફુગાવો ૬.૯૫ ટકા અને એપ્રિલ ૨૦૨૧ માં ૪.૨૩ ટકા હતો. એપ્રિલમાં ખાદ્ય વસ્તુઓનો ફુગાવો વધીને ૮.૩૮ ટકા થઈ ગયો છે. જે એક મહિના અગાઉ ૭.૬૮ ટકા તથા એક વર્ષ અગાઉના સમાન ગાળામાં ૧.૯૬ ટકા હતા તેમ નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ ( એનએસઓ ) દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે.

ઈંધણ અને વીજળી કેટેગરીમા ફુગાવો વધીને ૧૦.૮૦ ટકા થઈ ગયો છે. જે ગયા મહિને ૭.૫૨ ટકા હતો. એપ્રિલ ૨૦૨૨ માં શાકભાજીના ભાવમાં ૧૫.૪૧ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. જે ગયા મહિને ૧૧.૬૪ ટકા હતો. બીજી તરફ આજે માર્ચ મહિનાના ઓદ્યોગિક ઉત્પાદનના આંકડા જાહેર કરવામાં આવ્યા હતાં. મેન્યુફેક્ચરિંગ સેક્ટરના નબળા દેખાવને પગલે ઔદ્યોગિક ઉત્પાદનમાં ગયા વર્ષના માર્ચની સરખામણીમાં ઘટાડો નોંધવામાં આવ્યો છે. માર્ચ મહિનામાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧.૯ ટકાનો વધારો નોંધાયો છે. ગયા વર્ષે માર્ચમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ૨૪.૨ ટકાનો વધારો નોંધાયો હતો. ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન ( આઈઆઈપી ) આધારિત ઔદ્યોગિક ઉત્પાદનમાં માર્ચ, ૨૦૨૧ માં ૨૪.૨ ટકાનો વધારો નોંધાયો હતો. ચાલુ વર્ષે જાન્યુઆરી અને ફેબુરઆરીમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧.૫ ટકાનો વધારો થયો હતો.

# મીઠાની ખેતી ગુજરાતનું ગૌરવ છે

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

અગર એટલે મીઠું અને અગરિયા એટલે મીઠું પકવનાર, સૌરાષ્ટ્ર કચ્છમાં બેસતા વર્ષના વહેલી સવારમાં ઘણા લોકો ઘરે ઘરે સબરસ વહેચવા નીકળે, જેની પાછળનો સામાજિક સંદેશ મીઠાની જેમ ભળી જવાનો છે. મીઠું જયારે ભોજનમાં હોય ત્યારે તેની હાજરી અનુભવાતી નથી. પણ જયારે તે ના હોય ત્યારે તેની ગેરહાજરી તુરંત જણાય છે. મીઠું માણસ જાત સાથે હજારો વરસોથી જોડાયેલું છે. માનવ સભ્યતા સ્થાયી થઈ અને પાકેલો ખોરાક ખાતી થઈ ત્યારથી મીઠાનું મહત્વ છે. મીઠું એ ખોરાકના માધ્યમથી લોકોને જોડતું હોવાથી ભારતની આઝાદીમાં પણ ખુબ મહત્વની ભૂમિકા ભજવી છે. કચ્છના બંને નાનું રણ તથા મોટું રણ પૌરાણિક સમયમાં સમુદ્ર સાથે જોડાયેલા હતા. જેથી જમીનમાં ક્ષારનું પ્રમાણ યથાવત છે. ૩૦ થી ૪૦ ફૂટ ખોદતા જ પાણી મળી આવે છે. પણ ઘણા તત્વો ભળેલા હોવાથી તેને ૨૪ ડિગ્રી તાપમાન પર યોગ્ય રીતે વહાવું જરૂરી છે. પેઢીઓથી મીઠાની ખેતી કરતા તે અગરિયાઓમાં તાપમાન માપવાની કોઠાસુજ છે. તે પાણીને આંગળી અડાડીને કહી શકે પાણી ૨૪ ડિગ્રીનું છે કે નહિ. વખત જતા હિન્દુસ્તાન સોલ્ટ કંપનીના અંગ્રેજ રસાયણશાસ્ત્રીઓએ અલગ રીત પણ શીખવી જે મીઠાની ગુણવત્તા વધારવામાં મદદરૂપ થઈ. એક સમયે રણ કાંઠાના ૧૦૮ ગામ મીઠુ પકાવવાનું કામ કરતા હતા. જે ઘટતા ઘટતા હાલના સમયે ૨૦ થી ૨૫ ગામ રહ્યા છે. હાલ આ ગામોના ૭૦% લોકો આ કામ સાથે કોઈ ને કોઈ રીતે જોડાયેલા છે. આશરે ૫૦૦૦ ચો.કિમી વિસ્તારના કચ્છના નાના રણની સરહદો ગુજરાતના ચાર જીલ્લા તથા તાલુકાની સરહદો





અને ૧૦૭ ગામને અડે છે. આમ તો મુઘલોના સમયથી અહિયાં મીઠાની ખેતી થાય છે. પણ ભારતમાં ૧૮૫૮ પછી તાજના શાસન બાદ ૧૮૮૧ માં અંગેજોએ આજુબાજુ ના પ્રીન્સ્લી સ્ટેટ પાસે થી ૨૩૦૦૦ એકર જમીન લઈ અહી મીઠાના આશરે ૧૦૦૦ પાટા પર 'ઓડુ મીઠા ઉત્પાદક સહકારી મંડળી' દ્વારા મીઠાની ખેતી શરુ કરી. તેના નિયંત્રણ માટે સોલ્ટ એન્ડ એક્સાઈઝ ડિપાર્ટમેન્ટ પણ કાર્યરત થયો. ખારાઘોડાની ૧૦ માઈલ સુધીની જમીનમાં આ ઉત્પાદન થતું, રણમાં અધિકારીઓના આશરે ૧૦૦ બંગલા હતા, અને રણમાં ૪૦ કિમી સુધી લાંબી ટ્રેનલાઈન પણ હતી. મીઠાના મબલખ પાકને ખેંચવા સાત સ્ટીમ એન્જીન હતા. ખારાઘોડા રૂટ પર ૧૦૦ કલેકટર નીમવામાં આવેલા. મીઠું ખેચવાના વેગન પણ અહી જ બનતા. હિન્દુસ્તાન સોલ્ટ કંપનીએ નવું ખારાઘોડા વસાવ્યું અને રણમાં ત્યાનાં અંગ્રેજ અધિકારીઓના પરીવારોનું ખરીદી સ્થળ બર્કલી માર્કેટ એ ખુબ વૈભવી જગ્યા ગણાતી, એક જમાનાનો વૈભવી વિસ્તાર આજે પોતાના અસ્તિત્વ માટે જજુમી રહ્યો છે. મીઠાની માંગ તો વધી છે. પણ ખુલ્લા બજારની હરિફાઈ મીઠું પકવતા ખેડૂતોને કોઈ લાભ અપાવી શકી નથી. આજે ખારાઘોડા નજીકના વિસ્તારોમાં મીઠાનું ૮,૯ લાખ ટન ઉત્પાદન થાય છે. બજારમાં જે મીઠું ૧૮ થી ૨૦ રૂપિયામાં વેચાય છે તે અગરિયા પાસે થી ૨૦ થી ૨૨ પૈસે પકાવાય છે. મીઠાનો એક પાટો આશરે ૧૦૦ x ૧૫૦ ફૂટનો હોય છે અને એક કુટુંબના જો ૫ વ્યક્તિ કામ કરતા હોય તો ૨ પાટામાંથી ઉત્પાદન લઈ શકે છે. અને એક પટ્ટે આશરે ૫૦૦ થી ૬૦૦ ટન મીઠાનું ઉત્પાદન થાય છે. બંને પટ્ટાથી ૧૦૦૦ થી ૧૨૦૦ ટનનું ઉત્પાદન જે ૨૨૦૦૦૦ થી ૨૫૦૦૦૦ સુધીનું વળતર આપે છે. મહિને ઉપાડ પેટે ૧૦૦૦૦ રૂપિયા મળે છે જેમાંથી ડીઝલ અને ખાવાપીવામાં તે પાણીની જેમ ઉડી જાય છે. જેમાંથી મોટાભાગના રૂપિયા ઉત્પાદન ખર્ચમાં વપરાઈ જાય છે, જનરેટર ચલાવવા ડીઝલનો ખર્ચ સૌથી વધારે છે. સામાન્ય રીતે ચોમાસાની ઋતુ પૂરી થાય ત્યારે સપ્ટેમ્બર ઓક્ટોબરમાં અહિયાં કામ શરુ થાય છે, ચોમાસુ પૂરું થતા વેપારી સાથે પહેલેથી જ ઉત્પાદનનો સોદો થાય છે, પછી જ રણમાં પ્રાથમિક પાટા બનવાનું કામ શરુ થાય છે. જેને તેઓ ગારાકામ તરીકે ઓળખે છે. જેઓ પોતે પાટા કરવા સક્ષમ નથી તે આવા પાટાવાળાને ત્યાં મજૂરી કામ કરે છે. જોકે તે પણ સરકારના લઘુતમ વેતન કરતા ઓછુ હોય છે. ૭૫ થી ૮૦ રૂપિયા રોજ ખાવા પીવા સાથે મળે છે. તેના વિકલ્પમાં ખેત મજૂરીમાં પણ ૮૦ રૂ. રોજ મળે છે. આસપાસ ખેતીમાં એરંડો તથા કપાસ સામાન્ય રીતે ઉગાડવામાં આવે છે. માટીના મોટા ક્યારા ૧૦૦ x ૧૫૦ ફૂટના બની જાય પછી પાણીના બોરમાંથી સતત પાણી ચાલુ રાખવામાં આવે છે. ૧૫ દિવસ પછી તેના પર અનુસાસિત રીતે પોતાના પગની મદદથી તળ ને સપાટ કરવામાં આવે છે જેના પર મીઠાનું પડ બની જતા તે જગ્યા પર સફેદ ફલોરિંગ બની જાય છે. ત્યાર બાદ સતત ૨૪ ડિગ્રી તાપમાનનું પાણી ચાલુ રાખાય છે. જો પાણી યોગ્ય તાપમાનનું ના હોય તો અલગ અલગ ક્યારા જેને તેઓ દામડા કહે છે તેમાંથી પસાર કરાય છે જેથી તેનુ તાપમાન વધારી શકાય. આ માટે પાણીની મોટર વપરાય છે જે જનરેટર ચાલે છે જેને ડીઝલ એન્જીન દ્વારા ચલાવાય છે. જે ઉત્પાદનના ખર્ચમાં ખુબ મોટો ભાગ પડાવે છે. એક મશીન ૨૮૦૦ લિટર જેટલું ડીઝલ ગટગટાવી જાય છે.

આ ડીઝલ એન્જીનનું ખુબ વજન હોય તેથી રણમાંથી જુલાઈમાં જતી વખતે તેઓ આ મશીન જમીનમાં દાટીને જાય છે. આવી ઘણી વસ્તુ દાટીને જાય છે. રણમાં સ્કૂલ શરુ કરાઈ છે જોકે તેની નિયમિતતા જણાતી નથી. ગુજરાતમાં શિક્ષકોની અછત છે. અને એમાં પણ રણમાં ભણાવવા જવા એ સમર્પણનું કામ છે. અગરિયાઓના ભણેલા બાળકો દ્વારા રણમાં આવેલા બાળકોને પ્રાથમિક શિક્ષણ આપવાના પ્રયાસો થયા છે. અમુક સમયે સરકારી મેડિકલ સુવિધા રણમાં પહોંચે છે. પણ ખરી જરૂરિયાત સમયે કે ઈમરજન્સી જેવી પરિસ્થિતિમાં મદદ મળવી નસીબ પર આધારિત છે. ૧૦૮ જેવી સુવિધા મળી શકે જો રણમાં રસ્તો બતાવવાવાળું કોઈ સમયસર મળી જાય તો!!! મીઠું પાકવાનું શરું થાય ત્યારથી રોજ સવારમાં સૂર્યોદય પહેલા કામની શરુઆત થઈ જાય છે. પાણીના તાપમાનનું ધ્યાન રાખવું અને તેમાં એક ખમ્પાડીયો(પહોળા પાવડા જેવું સાધન) ફેરવતા રહેવું મુખ્ય કાર્ય હોય છે. પાટામાં પાણી ભરીને તળ બનવ્યા બાદ તેમાં સંજીત્રો નામનું તળાવમાં ઉગતું ઘાસ નાખવામાં આવે છે. જેના પર સોડીયમ કલોરાઈડ એટલે કે મીઠાના સ્ફટિક બાજવા લાગે છે. પછી તેને પાણીમાં જ ખેરવીને ખમ્પાડીયાથી એક આંતરે હળની જેમ ચાલવામાં આવે છે. ત્યાર બાદ સ્ફટિક એક સેમી જેટલો મોટો થતો જાય છે અને પછી આ કામ ખુબ અઘરું થતું જાય છે. રણનું તાપમાન વધે છે અને મીઠાનું વજન પણ. તૈયાર થયા બાદ તે પોળામીઠા તરીકે ઓળખાય છે. તે તૈયાર થાય એટલે વેપારીને પહોચાડવામાં આવે છે. જો નીચે મીઠાના તળકામ વગર સીધું જમીન પર પકવવામાં આવે તો તેને વડાગરું મીઠું કહેવામાં આવે છે પણ તે મેલું લાગે છે અને સફેદ મીઠાની માંગ વધારે હોવાથી આ પોળા પદ્ધતિ વધારે વપરાય છે. મીઠા સાથે સિમેન્ટમાં વપરાતી જીપ્સમ કે કેમિકલ ઉદ્યોગ માટે વપરાતું મેગ્નેસિયમ પણ આ રણના પાણીમાં મળી આવે છે. પાણીમાં દ્રાવ્ય જીપ્સમ પહેલા નીચે બેસી જાય છે પછી મીઠું પાકે અને પછી જે પાણી વધે તેમાંથી મેગ્નેશિયમ કાઢી શકાય છે. જુજ અગરિયા જાતે મેગ્નેશિયમ પકવે છે જયારે બાકીના વધેલું પાણી વેચી નાખે છે પણ છતાં તેના નફાનો ખુબ ઓછો ભાગ તેઓને મળે છે. મીઠું પકવ્યા બાદ જે વજનદાર પાણી મળે છે તેને બીટરન કહેવામાં આવે છે. જેમાંથી અનેક પ્રકારના કેમિકલ છૂટાં પડે છે આમ આનુ સંશોધન મોટા પાયા પર ભાવનગરની સેન્ટ્રલ એન્ડ સોલ્ટ રિસર્ચમાં થઈ ચૂક્યું છે. તેનો ઉપયોગ કરવામાં આવે તો મીઠા ઉદ્યોગનો નવેસરથી સૂર્યોદય થઈ શકે.

**સમુદ્ર મીઠું અનેક રસાયણોનો સાર છે. આ રસાયણોના ઉદ્યોગો મોટા પાયા પર શરૂ કરવામાં આવે તો મીઠા ઉદ્યોગનો સૂર્યોદય ચોક્કસ થઈ શકે. ભારતમાં સૌથી વધુ મીઠું પકવતા રાજ્યોમાં ગુજરાત નંબર વન છે કેમિકલ ઉદ્યોગમાં મીઠું પાયાનું તત્વ છે. મીઠાની ખેતી કરનારાઓની દશા ક્યારે સુધરશે?**

## શબ્દ સંજોગ-૧૩૪૭



**આડી ચાવી :**
(૧) વદન, ચહેરો (૨)
(૩) એક જાતનો પથ્થર (૩)
(૫) કિરણ (૨)
(૬) ઝીણા દાણાના મગ (૨)
(૭) પિતા, બાપ (૩)
(૧૦) નિષેધ (૩)
(૧૨) "હે..સૌનુ ભલુ કરો!" (૪)
(૧૪) એક વૃક્ષ (૨)
(૧૫) મોટુ તળાવ(પર્યાય આ-અ) (૪)
(૧૬) એક ફૂલઝાડ (૪)
(૧૭) વગડો, વેરાન જગા (૨)
(૧૮) યુધ્ધ (૩)
(૨૧) આપના હાથમાં રહેલુ સામયિક (૧)
(૨૩) મૂળ ગામ કે પ્રદેશ (૩)
(૨૬) પીવુ તે (૨)
(૨૭) અજાણ્યા માનવીને....બતાવવો એ પણ સેવાનું જ કામ છે. (૨)
(૨૮) અવાજના અનુકરણથી થતો શબ્દ (૫)

**ઉભી ચાવી :**
(૧) ગધેડાને પગે જકડવાનું દોરડું (૩)
(૨) તમાકુ પીવાની નળીના આકારની ચલમ (૨)
(૩) એક નક્ષત્ર (૨)
(૪) કોઈ કામકાજનું આયોજન કરવું તે (૩)
(૫) આંકડો, ચિહ્ન (૨)
(૮) દુધી (૨)
(૯) એક વનસ્પતિ (૩)
(૧૦) ....હોય તો માળવે જવાય (૨)
(૧૧) એક વાનગી (૩)
(૧૨) મકાન (૩)
(૧૩) મરનારની મિલકતનો હકદાર (૩)
(૧૪) વસ્ત્ર (૩)
(૧૫) ધાર કાઢવાનું યંત્ર (૩)
(૧૬) સ્ત્રીઓનું એક ઘરેણું (૨)
(૧૯) નાશવંત (૨)
(૨૦) થાકેલુ (૨)
(૨૨) શરીરનો બાંધો (૨)
(૨૩) કક્ષા, મોટા સમુદાયનો એક ભાગ (૨)
(૨૪) ચેતતા.....સદા સુખી (૨)
(૨૫) સૂરજ (૨)
(૨૬) પથ્થર તોડવાની નરાજ (૨)

## શબ્દ સંજોગ-૧૩૪૬ જવાબ

**આડી ચાવી :** (૧) શામ (૩) કૃત્ય (૭) મનડું (૯) ભીખારી (૧૦) ગજ (૧૧) વન (૧૨) જીગર (૧૪) ખાસિયત (૧૬) પ્રલય (૧૭) કટું (૧૯) બબીતા (૨૧) તલવાર (૨૨) વિના (૨૩) કરવેરા (૨૫) મુંજ (૨૮) લીવર (૨૯) ખતમ.

**ઉભી ચાવી :** (૧) શામળાજી (૨) મન (૪) ત્યકતા (૫) અભિનય (૬) શરીર (૮) ડુંગર (૧૧) વસિયતનામું (૧૩) ગરબી (૧૪) ખાલ (૧૫) તકવાદી (૧૮) ટૂર (૧૯) બરકત (૨૦) તાલાવેલી (૨૪) રાવ (૨૬) જખ (૨૭) વામ.

# શેરબજારમાં સપ્તાહના છેલ્લા દિવસે મંદી : સેન્સેક્સમાં ૧૩૭ અંકનો ઘટાડો

મુંબઈ,તા.૧૩

ભારતીય શેરબજારો આજે સપ્તાહના અંતિમ દિવસે ઘટીને બંધ રહ્યાં હતા. સેન્સેક્સ ૧૩૭ અંક ઘટીને ૫૨૭૯૩ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૬ અંક ઘટીને ૧૫૭૮૨ પર બંધ રહ્યો હતો.

સન ફાર્મા, એમએન્ડએમ, ટાઈટન કંપનીના શેર વધ્યા

સેન્સેક્સ પર સન ફાર્મા, એમએન્ડએમ, એચયુએલ, ટાઈટન કંપની, ITC સહિતના શેર વધીને બંધ રહ્યાં હતા. સન ફાર્મા ૩.૭૫ ટકા વધી ૮૮૨.૦૦ પર બંધ રહ્યો હતો. એમએન્ડએમ ૨.૭૮ ટકા વધી ૮૮૮.૯૫ પર બંધ રહ્યો હતો.



જોકે એસબીઆઈ, ભારતી એરટેલ, આઈસીઆઈસીઆઈ બેન્ક, એનટીપીસી, ટાટા સ્ટીલ સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા. એસબીઆઈ ૩.૭૬ ટકા ઘટી ૪૪૫.૦૫ પર બંધ રહ્યો હતો. ભારતી એરટેલ ૨.૭૬ ટકા ઘટી ૬૮૬.૩૦ પર બંધ રહ્યો હતો.

## માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૨૦૨૫ | ૨૬૮૪ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૪૮૫ |
| ઘઉં ટુકડા | ૪૫૨ | ૫૧૬ |
| જુવાર સફેદ | ૪૫૦ | ૬૪૫ |
| જુવાર પીળી | ૩૭૦ | ૪૯૫ |
| બાજરી | ૨૮૦ | ૫૨૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૧૧ |
| ચણા પીળા | ૮૮૦ | ૯૦૯ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૧૭૫૦ |
| અડદ | ૮૦૦ | ૧૩૮૫ |
| મગ | ૧૨૧૫ | ૧૩૯૫ |
| વાલ દેશી | ૮૨૫ | ૧૪૪૦ |
| વાલ પાપડી | ૧૬૫૦ | ૧૯૪૦ |
| ચોળી | ૯૨૫ | ૧૫૬૦ |
| કળથી | ૮૫૦ | ૧૦૦૫ |
| સીંગદાણા | ૧૭૦૦ | ૧૭૨૫ |
| મગફળી જાડી | ૧૧૦૫ | ૧૩૧૧ |
| મગફળી જીણી | ૧૦૬૬ | ૧૨૭૯ |
| અળશી | ૧૩૦૦ | ૧૪૨૦ |
| તલી | ૧૮૫૦ | ૨૧૫૫ |
| સુરજમુખી | ૯૫૦ | ૧૩૧૧ |
| એરંડા | ૧૩૧૦ | ૧૩૯૮ |
| અજમો | ૧૫૫૦ | ૧૯૬૦ |
| સુવા | ૧૧૫૦ | ૧૩૭૦ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૩૧૦ |
| સીંગફાડા | ૧૨૫૦ | ૧૫૫૦ |
| કાળા તલ | ૧૯૫૦ | ૨૩૪૦ |
| લસણ | ૨૦૫ | ૫૨૨ |
| ધાણા | ૨૦૧૯ | ૨૨૪૫ |
| મરચા સુકા | ૧૧૩૦ | ૨૮૫૦ |
| ધાણી | ૨૦૫૦ | ૨૩૦૦ |
| વરીયાળી | ૧૫૫૦ | ૨૦૦૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૪૦૪૭ |
| રાય | ૧૦૧૦ | ૧૨૭૦ |
| મેથી | ૯૯૦ | ૧૨૭૩ |
| ઇસબગુલ | ૨૪૦૦ | ૨૬૪૦ |
| કલોંજી | ૨૧૦૦ | ૨૮૪૦ |
| રાયડો | ૧૧૭૫ | ૧૨૮૦ |
| ગુવારનું બી | ૧૧૦૫ | ૧૧૨૫ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૦૦ | ૫૫૦ |
| લીંબુ | ૮૦૦ | ૨૯૦૦ |
| સાકરટેટી | ૧૦૦ | ૨૫૦ |
| તરબુચ | ૨૦૦ | ૩૦૦ |
| બટેટા | ૨૨૫ | ૩૮૦ |
| ડુંગળી સુકી | ૪૦ | ૨૦૫ |
| ટમેટા | ૩૪૦ | ૮૨૦ |
| કોથમરી | ૪૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૧૮૦ | ૨૪૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૭૦૦ |
| ચોળાસીંગ | ૪૫૦ | ૫૫૦ |
| વાલોળ | ૬૫૦ | ૭૫૦ |
| ટીંડોરા | ૫૫૦ | ૭૦૦ |
| દુધી | ૧૮૦ | ૨૬૦ |
| કારેલા | ૨૫૦ | ૪૦૦ |
| સરગવો | ૪૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગાજર | ૨૨૦ | ૨૫૦ |
| વટાણા | ૯૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૬૦ | ૨૭૦ |
| મેથી | ૪૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૮૦ | ૨૦૦ |
| આદુ | ૪૦૦ | ૫૫૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| મકાઇ લીલી | ૧૮૦ | ૨૨૦ |
| ગુંદા | ૪૫૦ | ૫૫૦ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૨૭૦ | ૩૬૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| કોબીઝ | ૧૮૦ | ૨૪૦ |
| ટમેટા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| સુરણ | ૬૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૮૦ | ૪૦૦ |
| દુધી | ૧૦૦ | ૧૫૦ |
| કારેલા | ૩૦૦ | ૪૨૦ |
| ગલકા | ૯૦ | ૧૮૦ |
| કાકડી | ૧૦૦ | ૧૭૦ |
| ગુવાર | ૪૮૦ | ૬૪૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૧૦૦ | ૨૦૦ |
| સકરટેટી | ૧૫૦ | ૨૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૩૫૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૮૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૮૦૦ |
| ફોદીનો | ૪૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| પાકી કેરી | ૧૨૦૦ | ૨૦૦૦ |
| સરગવો | ૪૦૦ | ૬૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચાં લીલા | ૩૦૦ | ૫૦૦ |
| ડુંગળી સુકી | ૮૦ | ૧૯૦ |
| લસણ સુકુ | ૫૦૦ | ૭૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| પાલક | ૩૦૦ | ૫૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૦૦૦ | ૧૩૦૨ |
| શિંગ મોટી | ૧૧૪૮ | ૧૨૯૪ |
| શિંગ દાણા | ૧૨૦૦ | ૧૭૧૦ |
| શિંગ દાણા( ફાડા ) | ૧૫૦૦ | ૧૬૦૦ |
| તલ સફેદ | ૧૨૫૦ | ૨૩૫૬ |
| તલ કાળા | ૧૩૨૫ | ૨૫૦૦ |
| જુવાર | ૩૯૦ | ૫૬૧ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૯૨ |
| ઘઉં લોકવન | ૪૬૨ | ૪૮૭ |
| મકાઇ | ૪૫૪ | ૪૫૪ |
| મગ | ૧૨૩૭ | ૧૨૩૭ |
| ચણા | ૬૩૭ | ૮૮૫ |
| તુવેર | ૬૯૫ | ૧૦૬૩ |
| કપાસ | ૧૪૨૫ | ૨૮૦૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૮૨ |
| જીરુ | ૨૮૨૦ | ૪૦૩૨ |
| રાઈ | ૯૬૧ | ૧૨૫૦ |
| ધાણા | ૧૧૧૫ | ૨૨૯૨ |
| મેથી | ૯૧૭ | ૯૯૯ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૧૩ |
| **જામનગર** | | |
| જુવાર | ૪૦૦ | ૫૦૫ |
| બાજરી | ૩૧૫ | ૪૭૦ |
| ઘઉં | ૪૨૧ | ૫૪૧ |
| મગ | ૧૧૦૦ | ૧૩૦૫ |
| અળદ | ૭૦૦ | ૧૧૧૫ |
| તુવેર | ૭૦૦ | ૧૧૦૫ |
| ચોળી | ૧૩૦૦ | ૧૪૪૫ |
| વાલ | ૯૨૦ | ૧૦૦૦ |
| મેથી | ૮૨૫ | ૧૨૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૧૫ |
| મગફળી - જીણી | ૧૦૦૦ | ૧૨૮૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૨૫ |
| એરન્ડા | ૧૩૦૦ | ૧૩૯૮ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૭૫ |
| લસણ | ૧૦૦ | ૪૮૦ |
| કપાસ | ૧૯૬૦ | ૨૫૧૦ |
| જીરૂ | ૨૫૫૦ | ૪૨૫૫ |
| અજમો | ૧૧૧૫ | ૨૨૫૦ |
| અજમાની ભુસી | ૧૦૦ | ૧૫૦૦ |
| ધાણા | ૧૮૦૦ | ૨૨૭૫ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૧૮૦૦ |
| કલોંજી | ૧૫૦૦ | ૨૮૩૫ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૪૭૨ | ૪૮૪ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૪૬ |
| કપા બી.ટી. | ૧૨૦૧ | ૨૭૯૧ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૩૫૧ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૩૫૧ |
| સીંગ ફાડીયા | ૧૦૮૧ | ૧૬૩૬ |
| એરંડા/એરંડી | ૧૧૧૧ | ૧૪૨૬ |
| તલ-તલી | ૧૪૦૦ | ૨૧૩૧ |
| તલ | ૨૧૦૧ | ૨૧૦૧ |
| જીરૂ | ૨૨૦૧ | ૪૧૨૧ |
| કલંજી | ૧૦૦૦ | ૨૭૭૧ |
| ધાણા | ૧૨૦૦ | ૨૪૦૧ |
| ધાણી | ૧૩૦૦ | ૨૪૬૧ |
| મરચા | ૭૦૧ | ૩૧૦૧ |
| મરચા સુકા પટ્ટો | ૧૦૦૧ | ૫૮૦૧ |
| મરચા સુકા ઘોલર | ૩૨૦૧ | ૩૨૦૧ |
| લસણ સુકુ | ૧૦૧ | ૫૯૧ |
| ડુંગળી લાલ | ૨૧ | ૧૬૧ |
| ડુંગળી સફેદ | ૬૭ | ૧૧૯ |
| જુવાર | ૩૭૧ | ૫૯૧ |
| મકાઇ | ૩૫૧ | ૪૨૧ |
| મગ | ૮૦૦ | ૧૩૪૧ |
| ચણા | ૮૨૧ | ૮૮૬ |
| વાલ | ૧૦૨૬ | ૧૬૫૧ |
| તુવેર | ૮૦૧ | ૧૧૭૧ |
| સોયાબીન | ૧૨૬૧ | ૧૩૩૬ |
| રાયડો | ૧૧૦૦ | ૧૩૧૧ |
| રાય | ૧૦૦૧ | ૧૦૫૧ |
| મેથી | ૮૫૧ | ૧૧૭૧ |
| ગોગળી | ૮૨૧ | ૧૧૩૧ |
| સુવાદાણા | ૧૦૭૬ | ૧૩૨૬ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૭૦૦ | ૨૭૦૦ |
| મગફળી | ૧૦૯૨ | ૧૨૯૦ |
| ચણા | ૮૮૨ | ૮૯૦ |
| ઘઉં | ૪૨૮ | ૪૭૦ |
| ધાણા | ૧૯૨૨ | ૨૦૮૦ |
| મેથી | ૯૨૫ | ૯૮૫ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૬૦૦ | ૨૬૩૫ |
| ઘઉં | ૪૨૫ | ૪૮૦ |
| ચણા | ૮૫૦ | ૯૦૦ |
| તુવેર | ૮૨૫ | ૯૮૦ |
| મગફળી | ૧૦૫૦ | ૧૨૨૫ |
| શિંગ ફાડા | ૧૩૦૦ | ૧૪૫૦ |
| તલ સફેદ | ૯૦૦ | ૨૩૩૦ |
| મેથી | ૯૦૦ | ૯૨૫ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૬૦૦ |
| ધાણા | ૧૯૦૦ | ૨૧૦૦ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૨૫૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૯૧૦ |
| ચણા | ૮૪૭ | ૮૮૦ |
| ધાણા | ૧૫૬૦ | ૧૬૮૦ |
| મગફળી | ૮૨૦ | ૧૧૧૦ |
| મગ | ૧૦૦૨ | ૧૨૫૫ |
| ઘઉં | ૪૨૫ | ૪૨૫ |
| કાળા તલ | ૧૨૪૫ | ૧૨૪૫ |
| શીંગ ફાડા | ૧૩૧૦ | ૧૩૧૦ |
| તુવેર | ૧૦૪૦ | ૧૦૪૦ |
| **રાજુલા** | | |
| બાજરો | ૪૩૦ | ૫૨૫ |
| જુવાર | ૩૮૦ | ૭૧૮ |
| મગ | ૯૦૦ | ૧૩૧૩ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૧૦૦ |
| રાય | ૧૧૦૦ | ૧૨૦૦ |
| શીંગ | ૧૦૦૦ | ૧૨૮૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૦૬૨ |
| તલ કાળા | ૧૬૦૦ | ૨૨૪૧ |
| એરંડી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| કપાસ | ૧૫૦૦ | ૨૫૦૦ |
| મેથી | ૯૦૦ | ૧૦૫૦ |
| ધાણા | ૧૮૫૧ | ૧૮૫૧ |
| સુવા | ૮૦૦ | ૯૫૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૬૦૦ | ૨૭૦૦ |
| ઘઉં લોકવન | ૪૩૩ | ૫૩૨ |
| ચણા | ૭૦૦ | ૮૫૬ |
| મેથી | ૯૦૦ | ૯૧૫ |
| મગ | ૧૦૩૫ | ૧૨૫૦ |
| રાઈ | ૯૫૦ | ૧૦૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ - મોટી | ૧૨૫૦ | ૧૩૩૫ |
| તલ સફેદ | ૧૮૫૧ | ૨૦૭૧ |
| તલ કાળા | ૧૮૦૧ | ૨૩૨૫ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૭૧૧ |
| કપાસ | ૧૭૦૦ | ૨૫૦૦ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૦૩ |
| બાજરો | ૪૧૫ | ૫૬૨ |
| જુવાર | ૩૮૦ | ૬૪૨ |
| મગ | ૧૩૦૧ | ૧૫૦૦ |
| ચણા દેશી | ૯૧૮ | ૯૫૦ |
| ચણા | ૭૫૫ | ૮૯૧ |
| તુવેર | ૮૯૦ | ૧૦૧૦ |
| એરંડી | ૧૨૯૨ | ૧૪૦૬ |
| મેથી | ૯૩૦ | ૧૦૫૧ |
| ધાણા | ૧૮૦૦ | ૨૧૮૦ |
| સોયાબીન | ૧૦૩૦ | ૧૩૦૬ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૨૩૬૦ |
| ચણા | ૮૨૮ | ૯૨૨ |
| તલ | ૧૮૫૬ | ૨૦૦૬ |
| તુવેર | ૧૦૩૫ | ૧૦૩૫ |
| **મહુવા** | | |
| શીંગ મગડી | ૧૧૭૧ | ૧૨૬૫ |
| શીંગ નં.૩૯ | ૧૦૪૬ | ૧૨૪૦ |
| શીંગ જી-૨૦ | ૯૦૦ | ૧૩૪૫ |
| જુવાર | ૩૭૧ | ૬૫૬ |
| બાજરી | ૩૬૧ | ૫૨૬ |
| ઘઉં ટુકડા | ૪૫૪ | ૭૧૬ |
| મકાઈ | ૪૨૯ | ૪૨૯ |
| અડદ | ૧૨૨૯ | ૧૨૨૯ |
| મગ | ૩૬૬ | ૨૦૭૮ |
| મેથી | ૫૦૧ | ૯૯૦ |
| ચણા | ૭૩૪ | ૮૮૨ |
| તલ સફેદ | ૧૭૭૮ | ૨૦૬૮ |
| તલ કાળા | ૧૮૪૪ | ૨૩૯૮ |
| રાય | ૧૧૩૫ | ૧૨૧૫ |
| ધાણા | ૧૪૪૧ | ૧૪૪૧ |
| ડુંગળી લાલ | ૫૦ | ૨૪૬ |
| ડુંગળી સફેદ | ૭૦ | ૧૭૦ |
| કપાસ | ૧૭૭૧ | ૨૩૭૫ |
| નાળીયેર | ૫૨૫ | ૧૭૭૫ |
| **કોડીનાર** | | |
| મગફળીનવીજી-૨૦ | ૧૧૨૦ | ૧૩૭૭ |
| બાજરી હાઈબ્રીડ | ૪૧૧ | ૫૨૭ |
| ઘઉં | ૪૦૦ | ૫૪૫ |
| અડદ | ૧૨૮૮ | ૧૪૦૯ |
| ચણા | ૮૦૦ | ૮૮૫ |
| સફેદ તેલ | ૧૬૪૦ | ૨૦૦૮ |
| કાળા તલ | ૧૭૦૦ | ૨૨૮૫ |
| સોયાબીન | ૧૧૮૦ | ૧૩૧૨ |
| મગ | ૧૨૫૦ | ૧૩૭૬ |
| જુવાર | ૫૦૦ | ૬૪૦ |
| એરંડી | ૧૧૫૦ | ૧૩૯૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**ખાનગી શાળાઓ બેફામ ફી વધારો કરી રહી છે ત્યારે વસંતભાઇ ગજેરાનું સરાહનીય પગલું**

# વિદ્યાસભા કેમ્પસમાં અભ્યાસ કરતી દીકરીઓ માટે ૫૦% ફી માફ

## હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતી દીકરીઓ માટે ફીમાં ૧૩ હજારની રકમની સ્કોલરશીપ



અમરેલી તા.૧૩

દેશમાં મોંઘવારીએ માઝા મુકી છે તમામ ચીજવસ્તુઓ મોંઘી થઈ રહી છે ત્યારે આવા કપરા સમયે ખાનગી શાળાના સંચાલકોએ પણ ફી વધારાનો કોરડો વિંઝ્યો છે. સામાન્ય પરિવાર માટે સંતાનોને અભ્યાસ કરાવવો મુશ્કેલ થઇ પડ્યો છે ત્યારે આવા કપરા સમયે અગ્રણી કેળવણીકાર વસંતભાઇ ગજેરાએ કન્યા કેળવણી અંતર્ગત સરાહનીય પગલું ભરી પ્રેરણાદાયી કાર્ય કર્યુ છે. જેમાં અમરેલી જિલ્લા વિદ્યાસભા કેમ્પસમાં છેલ્લા ૧૫ વર્ષથી ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમની શાળાઓ કાર્યરત થઇ છે. ૧૪૦૦ દીકરા માટે નિવાસી વ્યવસ્થાની ત્રણ હોસ્ટેલ બિલ્ડીંગ તમામ સુવિધા સાથે સજ્જ છે. છેલ્લા પાંચ વર્ષથી ૪૦૦ દીકરીઓ માટે નિવાસી વ્યવસ્થા નિર્માણ થઈ છે. કેમ્પસમાં ધો.૧ થી ૧૨ની સાયન્સ, કોમર્સ અને આટ્‌ર્સની ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમની શાળાઓમાં શ્રેષ્ઠ સુવિધા સાથેના ૨૧મી સદીને અનુરૂપ ડિજિટલ શિક્ષણ સાથે શિક્ષણકાર્ય થઇ રહ્યું છે. કેમ્પસમાં પ્લે ગ્રાઉન્ડથી લઇ પોસ્ટ ગ્રેજ્યુએટ સુધીના અભ્યાસક્રમો કાર્યરત છે. નર્સીંગ, એન્જિનિયરિંગ, BBA, MBA, M.COM, આટ્‌ર્સ, સાયન્સ, BCA કોલેજની સાથે જિલ્લા કક્ષાની સ્પોટ્‌ર્સ સંકુલ પણ કાર્યરત છે. વસંતભાઇ ગજેરાની નિશ્રામાં ગુજરાતમાં વિવિધ સંસ્થાઓના માધ્યમથી ૫૦ હજારથી વધુ દીકરા - દીકરીઓ વિદ્યાભ્યાસ કરી રહ્યાં છે. સુરત સ્થિત વાત્સલ્યધામ એ વસંતભાઇ ગજેરા અને ગજેરા પરિવારની સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેની કૃતજ્ઞતાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. શિક્ષણ બાદ આરોગ્યક્ષેત્રે અમરેલી મેડિકલ કોલેજની ભેટ આપી સિવિલ હોસ્પિટલના માધ્યમથી લોકસેવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું છે. મોંઘવારીનો રાક્ષસ મોં ફાડીને ઉભો છે ત્યારે વાલીઓને સંતાનોની ભણતરની ચિંતા ઓછી થાય તે માટે વસંતભાઇ ગજેરા દ્વારા ચાલુ વર્ષથી વિદ્યાસભા કેમ્પસ ખાતેની શાળાઓમાં હવે પ્રવેશ મેળવનાર દીકરીઓને સ્કૂલ ફીમાં ૫૦ ટકા રાહત આપવાનો તેમજ હોસ્ટેલ ફીમાં વાર્ષિક ૧૩ હજારથી ૧૮ હજાર જેટલી સ્કોલરશીપ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાતની દરેક સમાજની દીકરીઓ શ્રેષ્ઠ શૈક્ષણિક કારકીર્દી બનાવે તેવા લક્ષ્ય સાથે વસંતભાઇ ગજેરા અને ગજેરા પરિવાર રાષ્ટ્ર પ્રત્યે યોગદાન આપવા હંમેશા કાર્યરત રહ્યાં છે. વસંતભાઇ ગજેરાના આ પ્રેરણાદાયી પગલાંને દરેક વાલીઓએ આવકાર્યુ છે.

# ગુજરાતમાં વીજળી મોંઘી બનતા આપ આંદોલન કરશે




સુરત તા.૧૩

ગુજરાતમાં વીજ દરમાં વધારા સામે આપ દ્વારા રોષ વ્યક્ત કરાયો છે. આમ આદમી પાર્ટી સરકારે વીજળીના ૧૦૦ યુનિટ પર રૂ. ૨૦ના વધારાને પાછો ખેંચવા માંગ કરી છે. એટલું જ નહીં વીજ દરમાં કરાયેલો વધારો પાછો નહીં ખેંચાય તો આપ રસ્તા પર ઉતરશે અને આંદોલન કરશે. પ્રદેશ નેતા ઈસુદાન ગઢવીએ વીજળીના વધેલા ભાવ અંગે સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ભાજપે મોંઘવારીનો માર મારવામાં કોઈ કસર બાકી રાખી નથી અને ભાજપ સરકાર વીજળીના ભાવમાં વધારો કરીને વિશ્વ રેકોર્ડ બનાવવા જઈ રહી છે. ભાજપ સરકારે ફરી વીજળીના ભાવમાં વધારો કરીને ૧ કરોડ ૩૦ લાખ લોકોને મોંઘવારીનો માર માર્યો છે. જો સરકાર ૧૦૦ યુનિટ વીજળીમાં રૂ. ૨૦ના ભાવ વધારને પરત નહીં લે તો આમ આદમી પાર્ટી રસ્તા પર ઉતરીને આંદોલન શરૂ કરશે.

# ગુજરાત કોંગ્રેસમાંથી હાર્દિક પટેલને બહાર કાઢવાનો તખ્તો તૈયાર ?



અમદાવાદ તા.૧૩

ગુજરાત કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ હાર્દિક પટેલની પક્ષ સાથેની નારાજગીએ ગંભીર સ્વરૂપ લીધું છે. હાર્દિકની છેલ્લા કેટલાક દિવસની ગતિવિધિઓ અને નિવેદનને પણ કોંગ્રેસે ગંભીર ગણી તેની સાથે અંતર જાળવવાની શરૂઆત કરી દીધી છે. ખાસ કરીને રાહુલ ગાંધી પણ ગુજરાત આવ્યા ત્યારે તેણે હાર્દિક સાથે વાત કરવાનું તો ઠીક, તેની નોંધ લેવાનું પણ ટાળ્યું હતું. રાજસ્થાનના ઉદયપુરમાં કોંગ્રેસની મળેલી ચિંતન શિબિરમાં પણ હાર્દિક પટેલની સૂચક ગેરહાજરી જોવા મળી છે. એને પગલે હવે કોંગ્રેસે હાર્દિકને હાંકી કાઢવાનો નિર્ણય લઈ લીધો હોય એવી શક્યતા છે. હાર્દિક પટેલની કોંગ્રેસના નેતૃત્વ સાથે વધતી તિરાડનો નમૂનો તાજેતરમાં જ જોવા મળ્યો હતો. એમાં ગુજરાત આવેલા રાહુલ ગાંધીએ પાટીદાર નેતા હાર્દિક પટેલ સાથે વન-ટુ-વન બેઠક કરવાનું ટાળ્યું હતું. દાહોદમાં આયોજિત આદિવાસી રેલીમાં રાહુલ ગાંધી અને હાર્દિક પટેલ એક જ સ્ટેજ પર હતા, કોંગ્રેસના કેટલાક સિનિયર નેતાઓના જણાવ્યા અનુસાર, કેટલાક દિવસથી હાર્દિક દ્વારા જે રીતે જાહેરમાં કોંગ્રેસ સામે નારાજગી વ્યક્ત કરવામાં આવી રહી છે એનાથી રાહુલ ગાંધી ખુશ નથી.

# સુરતના વરાછા ખાતે ડાયમંડ ઈન્ડસ્ટ્રી કરીયર ફાઉન્ડેશન દ્વારા રજવાડી ગામઠી આનંદમેળો

સુરત તા.૧૩

સમગ્ર દેશમાં આઝાદી કા અમૃત મહોત્સવ યોજાઇ રહ્યો છે ત્યારે તેમાં સહભાગી થવા તેમજ ૧૫ મે પરિવારના આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવાય છે તેના ભાગરૂપે ડાયમંડ ઈન્ડસ્ટ્રી કરીયર ફાઉન્ડેશન દ્વારા ૧૫ મેના રોજ સવારે ૮:૩૦ થી રાત્રે ૧૧ સુધી સૌરાષ્ટ્ર પટેલ સમાજની વાડી, મિનિબજાર, વરાછા ખાતે ડીઆઈસીએફ ધમાચકડી કૌશલ્ય ઉત્સવ આનંદમેળાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ફૂડ અને આર્ટ ક્રાફટના ૫૦ સ્ટોલ, અલગ અલગ વિષયોનાં ફ્રી ક્લાસીસ, આંખ નિદાનનો ફ્રી કેમ્પ દિવસ દરમિયાન અલગ અલગ વિષયો પર ૪૮ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ આનંદમેળાનો મુખ્ય હેતુ પરિવારોને લગતી સમસ્યાઓ અંગે લોકોમાં જાગૃતિ આવે તેમજ પરિવારોને અસર કરતી સામાજિક વિષયક પ્રક્રિયાઓનું જ્ઞાન વધારવાની તક પુરી પાડવાનું છે. આ કાર્યક્રમમાં પરિવાર ભાવનાને પ્રોત્સાહન આપવા નાની ઉંમરથી લઈને મોટી ઉંમર સુધીના લોકો આનંદ લઇ શકે તે માટે ફેશન શોથી માંડીને યોગા સુધીની સફર કરાવવામાં આવશે. આ કાર્યક્રમમાં પ્રવેશ વિનામૂલ્યે છે, શહેરીજનોને મિત્ર - પરિવાર સહિત પધારવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# કોડીનારમાં દીકરીની યાદમાં વનસ્પતિ બીજ બેંકની સ્થાપના

કોડીનાર તા.૧૩

કોડીનાર તાલુકાના ટીબી સુપરવાઈઝર તથા વૃક્ષો પ્રત્યે અપાર પ્રેમ ધરાવતા અજીતભાઈ ચાવડા દ્વારા તેમની લાડકવાયી દીકરી સ્વ.ડો.પ્રિયાંશી ચાવડાની સ્મૃતિમાં ગ્રીનલાઈફ ફાઉન્ડેશન કોડીનારના સહયોગથી વનસ્પતિ બીજ બેંકની સ્થાપના કરવામાં આવી છે. આ બેંક તદ્દન નિઃસ્વાર્થ ભાવે વિસરાતી જતી વનસ્પતિને રક્ષિત કરવા તથા લોકોમાં જાગૃતિ આવે તે ઉદેશથી લોકો પાસેથી તથા વનવગડામાં ઊગી નિકળેલ વનસ્પતિના બીજ એકત્ર કરી. એ બીજ અન્ય લોકોને આપી બીજની તથા એ પ્રકારના વૃક્ષોની સંખ્યા વધારવાના પ્રયત્નો કરશે. હાલ આ બીજ બેંક દ્વારા દેડકી વાલોળ, વાલ, બિહારી વાલોળ, ડોડી, ગળો, શતાવરી, પોઈની વેલ, સફેદ અને વાદળી અપરાજીતા, ચણોઠી જેવી વનસ્પતિના બીજોના સંગ્રહની કામગીરી ચાલુ છે. સારો વરસાદ થયા બાદ આ બીજ કે રોપાનું વિતરણ કરવામાં આવશે.

# તરવડા - વાંકીયા રોડ પર બાઈક ચાલકનો અકસ્માત થતાં સારવારમાં ખસેડાયો

બાઇક ચાલક ક્યા ગામનો છે તે હજુ પણ અકબંધ



બાબાપુર તા.૧૩

અમરેલી જિલ્લામાં છાશવારે નાના - મોટા અકસ્માતની ઘટનાઓ બની રહી છે ત્યારે આજરોજ સવારના ૯ વાગ્યાની આસપાસ તરવડા - વાંકીયા રોડ પર અજાણ્યા બાઈક ચાલકનો અકસ્માત થતાં તાત્કાલિક ૧૦૮ મારફતે અમરેલી સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. બાઈક ચાલક કયા ગામનો છે તે જાણવા મળ્યું નથી.


**સંકુલ ૧૨ સાયંસ - 90 UP પર્સનટાઈલ રેન્ક**

| ક્રમ | વિદ્યાર્થીનીનું નામ | થિયરી PR | ક્રમ | વિદ્યાર્થીનીનું નામ | થિયરી PR |
|---|---|---|---|---|---|
| ૧ | રામોલીયા વિશ્વા એમ. | 99.67 PR | ૧૭ | સોરઠીયા જેન્સી પી. | 95.27 PR |
| ૨ | વાડોદરિયા મિરલ જે. | 98.92 PR | ૧૮ | ભુવા યારમી આર. | 95.27 PR |
| ૩ | માલાણી કિર્તી બી. | 98.92 PR | ૧૯ | સોરઠીયા હેમાન્સી આર. | 94.74 PR |
| ૪ | રાખોલીયા ખુશાલી એમ. | 98.13 PR | ૨૦ | સાવલીયા બંસરી એસ. | 94.68 PR |
| ૫ | કોરાટ હેની એમ. | 98.13 PR | ૨૧ | દાહિમા પ્રર્વાગી એસ. | 94.54 PR |
| ૬ | પીપળવા સષ્ટિ બી. | 97.96 PR | ૨૨ | રૈયાણી નેહા એસ. | 94.54 PR |
| ૭ | ચંદારાણા ધ્રુજિ પી. | 97.84 PR | ૨૩ | બાબરિયા વૃદાં પી. | 94.01 PR |
| ૮ | ધાધલા કૃપા આર. | 97.16 PR | ૨૪ | રાઠોડ કૃપાલી એસ. | 93.87 PR |
| ૯ | જનાણી એશા એન. | 97.05 PR | ૨૫ | મકવાણા દ્રષ્ટિ વી. | 93.25 PR |
| ૧૦ | જીંજા ધરતી એમ. | 96.92 PR | ૨૬ | વાઘાણી હિરલ એ. | 92.90 PR |
| ૧૧ | ગજેરા હેત્વી એન. | 96.71 PR | ૨૭ | ભંડેરી હિનલ બી. | 92.52 PR |
| ૧૨ | હરિપરા પ્રિતી પી. | 96.60 PR | ૨૮ | ગેડિયા હેમાંગી આર. | 91.51 PR |
| ૧૩ | ત્રિવેદી રૂચી એન. | 96.13 PR | ૨૯ | આસોદરિયા રૂતિકા પી. | 91.30 PR |
| ૧૪ | ગજેરા અંજલી વી. | 95.82 PR | ૩૦ | વાજા પુજા વી. | 91.30 PR |
| ૧૫ | રામાણી જેની જી. | 95.58 PR | ૩૧ | શીશા કુંજલ એચ. | 90.88 PR |
| ૧૬ | કુનટિયા જાનવી જે. | 95.58 PR | ૩૨ | વાધાણી માનસી ડી. | 90.81 PR |

★ નોંધઃ- બોર્ડનું પરિણામ ૭૨.૨૦% અમરેલી કેન્દ્રનું પરિણામ ૮૨.૨૦% સંકુલનું પરિણામ BNV સ્કુલ ૯૧.૯૦%, ABP સ્કુલ ૭૩.૧૭%

★ શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત-સંચાલિત ★
★ શ્રી એ.બી. પાંચાણી ઉ.મા કન્યા શાળા★ સ્થળઃ- શ્રીમતિ એસ. એચ. ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી ★ ફોન.:૦૨૭૯૨-૨૩૨૩૨૧ થી ૨૬ - Ad 031


# અમરેલી જિલ્લામાં ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા

અમરેલી તા.૧૩

અમરેલી જિલ્લામાં છેલ્લા ચાર દિવસથી સૂર્યનારાયણ કોપાયમાન થયા હોય તેમ કાળઝાળ ગરમી પડી રહી છે. ગરમીના કારણે કર્ફ્યૂ જેવું વાતાવરણ જોવા મળ્યું છે અને લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.


**ઈંગ્લીશ મિડીયમ ૧૨ સાયંસ - સંકુલ ૯૩% પરિણામ**

★ શૈ. વર્ષ ૨૧-૨૨ ધો. ૧૨ સાયંસ - બોર્ડનું પરિણામ ૭૨.૫૭%, અમરેલી કેન્દ્ર ૮૨.૨૦%, સંકુલનું પરિણામ SMV સ્કુલ ૯૨.૩૦%

★ શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત-સંચાલિત ★
★ શ્રીમતી એસ.એમ.વઘાસીયા ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ★ સ્થળઃ- શ્રીમતિ એસ. એચ. ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી ★ ફોન.:૦૨૭૯૨-૨૩૨૩૨૧ થી ૨૬ - Ad 032


# કોડીનારના પાંચપીપળવા ગામે રામજી મંદિરનો શિલાન્યાસ કરાયો


તસવીર : અનીલ કાનાબાર

ડોળાસા તા.૧૩

કોડીનાર તાલુકાના પાંચ પીપળવા ગામે નવું રામજી મંદિર બનશે. રામજી મંદિરનો શિલાન્યાસ પ્રસંગ યોજાયો હતો. ડોળાસા નજીકનાં પાંચ પીપળવા ગામે વર્ષો પુરાણું રામજી મંદિર આવેલું હતું. એજ જગ્યાએ નવું રામજી મંદિર બનાવવાનું સમસ્ત ગ્રામજનો દ્વારા નિર્ણય કરવામાં આવતાં પાંચ પીપળવા રામમય બની ગયું હતું. જૂનું રામજી મંદિર હાલ સેવા પૂજા માટે અન્યત્ર ફેરવવામાં આવ્યા બાદ આ જૂનું મંદિર પાડી નખાયું હતું. શાસ્ત્રોક્ત વિધિથી નવા રામજી મંદિરનો શિલાન્યાસ સંપન્ન કરવામાં આવ્યો હતો. ગામના પાચ નવદંપતીઓના હસ્તે શિલાન્યાસ વિધિ ગોર મહારાજની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ હતી. આ પ્રસંગે સરપંચ સહિતના તમામ આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## -// અસલ દસ્તાવેજ ગુમ થયા અંગેનીજાહેર નોટીસ // -

આથી હુ નીચે સહી કરનાર એડવોકેટ,અશ્વિન એમ.પટેલ,રહે.અમરેલીના આ જાહેર નોટીસથી લાગતા વળગતા સર્વેને જાણ/તાકીદ કરૂ છુ કેઃ

અમારી પાસેથી અમારા અસીલો શ્રી (૧) રમેશભાઈ હંસરાજભાઈ ગોજારીયા, (૨) નિતીનભાઈ હંસરાજભાઈ ગોજારીયા, (૩) સુરેશભાઈ હંસરાજભાઈ ગોજારીયા, રહે.અમરેલીવાળાની મિલકત કે જેનુ વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી સુધરાઈ હદમાં વરસડારોડ રસ્તે,ઔદ્યોગીક હેતુ માટેની મિલકત,
રે.સર્વે નં.૧૭૯/૧ પૈકી, જેના કુલ ચો.મી. ૩૪૮-૫૧,
રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૩૩૩૦, રજી.તારીખ : ૪/૯/૨૦૦૮

ઉપરોકત મીલ્કતની ઉતરોતર દસ્તાવેજોની ફાઈલ ચકાસતા તેમા, (૧)સબ-રજીસ્ટ્રાર કચેરી-અમરેલીના અનુક્રમ નં.૩૦૧, તા.૩/૨/૧૯૯૭ નો અસલ રજી.વેચાણ દસ્તાવેજ જે ૧)પ્રવિણભાઈ વલ્લભભાઈ પટેલ, ૨)સુરેશભાઈ હંસરાજભાઈ પટેલ ના નામ જોગ કરી આપેલ છે તેઅસલ દસ્તાવેજ આમ ઉપરોકત અસલ દસ્તાવેજ અમારા અસીલ શ્રી સુરેશભાઈ હંસરાજભાઈ ગોજારીયા તેની ઓઈલ મીલેથી નીકળી નાના બસ સ્ટેશન સુધીના રસ્તા ઉપરથી પસાર થઈ ઝેરોક્ષ કરાવવા જતા કયાંક પડી જતા ખોવાઈ ગયેલ છે જે અંગેની લેખિતમા જાણ અમરેલી સીટી પોલીસ સ્ટેશને તા.૧૨/૫/૨૦૨૨ ના રોજ કરેલ છે અને આ અસલ દસ્તાવેજની જગ્યાએ કોમ્પીટન્ટ ઓથોરીટી દ્વારા આપવામાં આવેલ પ્રમાણીત નકલ અમારા સમક્ષ ટાઈટલ ફાઈલમા રજુ છે.

સબબ આ નોટીસથી સર્વે લાગતા વળગતા ને જણાવવાનુ કે,ઉપરોકત જણાવેલ મિલ્કત ઉપર અને સદરહુ દસ્તાવેજ અંગે કોઈનુ કોઈપણ પ્રકારનુ લેણ દેણ,હકક,હિત, હિસ્સો,લાગભાગ,અગ્રહકક,ગીરો-બોજો, તારણ, ભાડુઆતી હકક હોય તો તેમણે નીચે સહી કરનાર ને નીચે દર્શાવેલ સરનામે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭(સાત)મા લેખીત આધાર પુરાવા સાથે રજુઆત કરવી, જો તેમ નહી કરવામાં આવેથી કોઈનુ કંઈ લેણ કે દેણ કે હકક,હિત,હિસ્સો,અગ્રહકક,ગીરો-બોજો,તારણ કે ભાડુઆતી હકક નથી અને હોય તો જતા (WAIVE) કરેલ છે. તેમ માની આ મિલ્કત અંગે અમો ટાઈટલ કલીયરન્સ સટીર્ફીકેટ ઈસ્યુ કરવાની આગળની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યાર બાદ કોઈ પણ વ્યકિતનો કોઈ પણ પ્રકારનો વાંધા કે તકરાર ધ્યાને લેવામા આવશે નહિ. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તારીખઃ ૧૪/૫/૨૦૨૨

અશ્વિન એમ.પટેલ,
એડવોકેટ એન્ડ નોટરી
આકાર કોમ્પલેક્ષ, પ્રથમ માળ,
નાગનાથ મહાદેવ બસ સ્ટોપની બાજુમાં,
સરકારી ગર્લ્સ હાઈસ્કૂલ પાસે, અમરેલી.

## અમરેલી નાગરિક સહકારી બેન્ક લી.

**સભાસદ ભેટ જોગ**

આથી અમરેલી નાગરિક સહકારી બેંક લી., અમરેલીના તમામ સભાસદોને જણાવવાનું કે, ગત વર્ષ : ૨૦૨૧ ની સભાસદ ભેટ આગામી તારીખઃ ૧૬-૦૫-૨૦૨૨ થી તારીખ : ૩૧-૦૮-૨૦૨૨ સુધીમાં મેળવી લેવાની રહેશે. ત્યારબાદ ભેટ મળવાપાત્ર રહેશે નહી. ભેટ બેંકની હેડ ઓફીસ ખાતેથી સોમવાર થી શનિવાર (રજાના દિવસો સિવાય) સવારે ૧૦-૩૦ થી ૫-૦૦ કલાક સુધી વિતરણ કરવામાં આવનાર છે. **(ચિતલ બ્રાંચના સભાસદોએ ચિતલ બ્રાંચ ખાતેથી ભેટ મેળવવાની રહેશે.)**

ભેટ લેવા આવનાર સભાસદોએ પોતાના **સભાસદ આઈકાર્ડ અથવા સભાસદ શેર સર્ટીફીકેટ અસલ તથા આધાર કાર્ડ ફરજીયાત** સાથે લઈને આવવાનું રહેશે. ડોક્યુમેન્ટ વગર સભાસદ ભેટ આપવામાં આવશે નહી.

**:: ભેટ મેળવવાનું સ્થળ ::**

અમરેલી નાગરિક સહકારી બેંક લી., 'નાગરિક ભવન', કેરીયારોડ, અમરેલી.

મનસુખભાઈ ધાનાણી, ચેરમેન | ધનજીભાઈ સાપરીયા, વાઈસ ચેરમેન | પી.પી. સોજીત્રા, ડિરેક્ટર | પરેશભાઈ આચાર્ય, મેનેજીંગ ડિરેક્ટર

## મહે. સબ ડીવીઝનલ મેજી. સાહેબની કોર્ટમાં, મું. રાજુલા.

પર.અ.નં.૧૭૩/૨૧

(૧) મનસુખભાઈ સાયરભાઈ ચૌહાણ, ઉ.વ.આ.૫૭
રહે.-ચાંચ, તા.રાજુલા.
જિ.અમરેલી. — અરજદાર
મો.નં.-૬૩૫૫૫૦૭૦૦૬

**વિરૂધ્ધ**

(૨) તલાટી કમ મંત્રી શ્રી,
વ
જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
મું.ચાંચ, તા.રાજુલા, જિ.અમરેલી. — સામાવાળા

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોજે- ચાંચ ગામના શ્રી મનસુખભાઈ સાયરભાઈ ચૌહાણએ તેમના **પુત્રી સવિતા**ની જન્મ તા.૦૬/૦૫/૧૯૯૬ ના રોજ ચાંચ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી જયસુખ કે. મજેઠીયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૦૫/૨૨ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે તેની નોંધ લેવી.

આજ તા.૧૩ માહે ૦૫ સને-૨૦૨૨ ના રોજ મારી સહી તથા કોર્ટના સીક્કા કરી આપ્યા

સ્થળઃ- રાજુલા.
તા. / /૨૦૨૧

(કોર્ટનો સિક્કો)

સહી,
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
રાજુલા

# દિલ્હીની એક ઈમારતમાં આગ: ૨૬ ભડથું, ૧૦ ગંભીર

નવી દિલ્હી તા.૧૩

દિલ્હીના મુંડકા મેટ્રો સ્ટેશનની પાસે આવેલી ત્રણ માળની એક બિલ્ડિંગમાં શુક્રવારે સાંજે આગ લાગી હતી. દુર્ઘટનામાં ૨૬ લોકોના મોત નિપજ્યા છે. તો ૧૦ લોકો ગંભીર છે. પોલીસે ઘટના સ્થળે પહોંચીને બારીઓ તોડીને બિલ્ડિંગની અંદર ફંસાયેલા લોકોને બચાવ્યા. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બિલ્ડિંગને બે માળમાં



સર્ચિંગ પૂરું થઈ ગયું છે. ત્રીજા માલે સર્ચિંગ ચાલી રહ્યું છે. દિલ્હીના ફાયર ડાયરેક્ટર અતુલ ગર્ગે કહ્યું કે અત્યાર સુધીમાં ૧૬ મૃતદેહ કાઢવામા આવ્યા છે. તો પોલીસ ૧૪નાં મોત થયાં હોવાનું જણાવે છે.બિલ્ડિંગની બારીઓ તોડીને ધુમાડાની વચ્ચે લોકોને JCB મશીન અને ક્રેનની મદદથી નીચે ઉતારવામાં આવ્યા, તો કેટલાંક લોકોને દોરડાંની મદદથી નીચે ઉતારવામાં આવ્યા છે. હાલ ઘટના સ્થળે ફાયર બ્રિગેડની ૨૭ ગાડીઓ છે, જે આગ પર કાબૂ મેળવવાના પ્રયાસ કરી રહ્યાં છે. આ સાથે જ ઘાયલોને તાત્કાલિક સારવાર માટે સ્પોટ પર એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવી છે.આગમાં ૬૦-૭૦ લોકો ફંસાયા હોવાની જાણકારી મળી હતી, જેમાંથી મોટા ભાગના લોકોને બચાવી લેવાયા છે.દિલ્હી પોલીસે જણાવ્યું કે મેટ્રો સ્ટેશનના પિલર ૫૪૪ની પાસે બનેલી ૩ માળની આ કોમર્શિયલ બિલ્ડિંગ છે, જેનો ઉપયોગ ઓફિસ સ્પેસ તરીકે કંપનીઓને ભાડેથી આપી છે. પોલીસે જણાવ્યું કે આગ બિલ્ડિંગના પહેલા ફ્લોરથી શરૂ થઈ, જ્યાં CCTV કેમેરા અને રાઉટર મેન્યુફેક્ચરિંગ કંપની છે. પોલીસે કંપનીના માલિકની અટકાયત કરી છે.

# ભારતે ૯૮ દેશોને ૨૦૦ મિલિયનથી વધુ રસીના ડોઝ આપ્યા : પ્રધાનમંત્રી મોદી

(જી.એન.એસ)નવીદિલ્હી,તા.૧૩

કોવિડ-૧૯ મહામારી માટે ભારતની પ્રતિક્રિયા પર પ્રધાનમંત્રીએ કહ્યુ- ભારતમાં અમે કોરોના વિરુદ્ધ એક જન કેન્દ્રીત રણનીતિ અપનાવી છે. તેમણે કહ્યું- અમારો રસીકરણ કાર્યક્રમ વિશ્વમાં સૌથી મોટો છે. અમે લગભગ ૯૦ ટકા વયસ્ક લોકોને અને ૫૦ મિલિયનથી વધુ બાળકોને સંપૂર્ણ રીતે રસી લગાવી છે. ભારત વિશ્વ આરોગ્ય સંસ્થાથી મંજૂર ચાર રસીનું



નિર્માણ કરે છે અને આ વર્ષે પાંચ અબજ ડોઝનું ઉત્પાદન કરવાની ક્ષમતા રાખે છે. ગ્લોબલ કોવિડ સમિટને સંબોધિત કરતા પીએમ મોદીએ કહ્યુ કે, ભારતે ૯૮ દેશોને ૨૦૦ મિલિયનથી વધુ રસીના ડોઝ આપ્યા છે. ભારતે ટેસ્ટિંગ, સારવાર અને ડેટા મેનેજમેન્ટ માટે ઓછી કિંમતવાળી તકનીક વિકસિત કરી છે. અમે અન્ય દેશોને પણ તેની રજૂઆત કરી છે. ભારતના જીનોમિક્સ કંસોર્ટિયમે વાયરસ પર વૈશ્વિક ડેટાબેઝમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. મને તે જણાવતા ખુશી થઈ રહી છે કે અમે અમારા પાડોશી દેશોમાં આ નેટવર્કનો વિસ્તાર કરીશું.

# ભારતીય વાયુસેનાએ લાંબા અંતર સુધી નક્કર હુમલો કરવાની ક્ષમતા પ્રાપ્ત કરી

(એ.આર. એલ),નવીદિલ્હી,તા.૧૩

ભારતે બ્રહ્મોસ એર લોન્ચ મિસાઈલના નવા વર્ઝનનું સફળ પરીક્ષણ કર્યું છે. આ બ્રહ્મોસ મિસાઈલને સુખોઈ-૩૦ એમકેઆઈ યુદ્ધ વિમાન પરથી લોન્ચ કરવામાં આવી હતી. વિમાન પરથી મિસાઈલનું પ્રક્ષેપણ યોજના મુજબ જ રહ્યું. મિસાઈલે બંગાળની ખાડીમાં પોતાના ટાર્ગેટ પર સીધો પ્રહાર કર્યો. આ સાથે જ ભારતીય વાયુસેનાએ ઘણા લાંબા અંતર સુધી જમીન કે સમુદ્રમાં ટાર્ગેટ પર સુખોઈ વિમાન પરથી નક્કર હુમલો કરવાની ક્ષમતા પ્રાપ્ત કરી લીધી છે. ભારતીય વાયુસેના, ભારતીય નેવી, ડીઆરડીઓ, બીએપીએલ અને હિન્દુસ્તાન એરોનોટિકલના સંયુક્ત પ્રયાસોથી આ ઉપલબ્ધિ પ્રાપ્ત કરવામાં આવી છે. સુખોઈ વિમાનના હાઈ પર્ફોમન્સની સાથે એર લોન્ચ બ્રહ્મોસ મિસાઈલનું લાંબા અંતરની ક્ષમતાએ ભારતીય વાયુસેનાને રણનૈતિક રીતે લીડ અપાવી છે.

# દાણચોરી માટે લઈ જવાતું ૧૫ કિલો સોનું ભારત-મ્યાનમાર સરહદેથી ડીઆરઆઈએ ઝડપ્યુ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૩

ડીઆરઆઈ દ્વારા અન્ય એક મહત્ત્વપૂર્ણ કામગીરીમાં, સંગઠિત સોનાની દાણચોરી કરનારા સિન્ડિકેટ, કોડ-નેમ ‘‘ગોલ્ડ ઑન ધ હાઈવે’’ વિરુદ્ધ, ૧૫.૯૩ કિલો વિદેશી મૂળનું સોનું ભારત-મ્યાનમાર સરહદેથી દાણચોરી કરવામાં આવ્યું હતું અને તેની કિંમત રૂ. ૮.૩૮ કરોડ છે, જે ૧૨મી મે ૨૦૨૨ના રોજ ગુવાહાટી અને દીમાપુરમાં જપ્ત કરવામાં આવ્યું હતું. ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરતા, ડીઆરઆઈના અધિકારીઓએ માઓ, મણિપુરથી ગુવાહાટી, આસામ સુધી અલગથી મુસાફરી કરી રહેલા બે ઓઈલ ટેન્કર અને એક ટ્રક પર સમજદારીપૂર્વક દેખરેખ રાખી હતી. આ વાહનોને



દીમાપુર અને ગુવાહાટી વચ્ચેના રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર જુદા જુદા પોઈન્ટ પર એક સાથે અટકાવવામાં આવ્યા હતા. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં, ડીઆઈઆઈએ સમગ્ર દેશમાં તેની કામગીરી દરમિયાન ૪૦૫ કરોડ રૂ.ની કિંમતનું ૮૩૩ કિલો સોનું જપ્ત કર્યું છે. તેમાંથી, ઉત્તર-પૂર્વના રાજ્યોમાં, ડીઆરઆઈએ ૨૦૮ કિલોથી વધુ સોનું જપ્ત કર્યું છે જેની કિંમત રૂ. ૧૦૨.૬ કરોડ છે.

# છત્તીસગઢના રાયપુર એરપોર્ટ પર વિમાન દુર્ઘટનામાં બે પાયલોટના મોત

રાયપુર,તા.૧૩

છત્તીસગઢના રાયપુર એરપોર્ટ પર એક હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું છે. આ દુર્ઘટનામાં બે વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ છે. આ ઘાયલોને રામકૃષ્ણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, એમ પોલીસે કહ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર પાઈલટ એપી શ્રીવાસ્તવ અને કેપ્ટન ગોપાલ કૃષ્ણ પાંડા હેલિકોપ્ટરમાં સવાર હતા. તેઓ પ્રેક્ટિસ દરમ્યાન પરત ફરી રહ્યા હતા, ત્યારે આગ લાગવાને કારણે હેલિકોપ્ટર ક્રેશ થયું હતું.

આ હેલિકોપ્ટર રાજ્ય સરકારનું હતું. રાજ્ય સરકારનું હેલિકોપ્ટર રાત્રે ૯.૧૦ કલાકે આશરે રાયપુર એરપોર્ટ પર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ ઘટનામાં કેપ્ટન ગોપાલ કૃષ્ણ પાંડા અને કેપ્ટન એપી શ્રીવાસ્તવનાં મોત થયાં હતાં. રામકૃષ્ણ હોસ્પિટલના અધિકારીએ બંને પાઈલટોનાં મોતની પુષ્ટિ કરી હતી.

# નીટ પીજીની પરીક્ષા મોકૂફ કરવા કરાયેલી અરજી સુપ્રીમે ફગાવી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૩

૨૧મી મેના રોજ થનારી નીટ પીજી- ૨૦૨૨ પરીક્ષાને મોકુફ કરવા કરાયેલી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે કહ્યું કે હાલ પરીક્ષા મોકુફ કરવાથી અરાજકતા અને અનિશ્ચિતતા પેદા થશે. તેનાથી પેશન્ટ કેર પણ પ્રભાવિત થશે અને તૈયારી કરનારા ૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ માટે ખોટું ગણાશે. કોર્ટે પોતાની ટિપ્પણીમાં એમ



પણ કહ્યું કે પ્રવેશમાં કોઈ પણ પ્રકારના વિલંબથી દર્દીઓની દેખભાળ અને હોસ્પિટલોમાં કામગીરી પ્રભાવિત થાય છે. પરીક્ષા મોકુફ કરવાની ભલામણ પર વિચાર કરાયો છે. વિચાર-વિમર્શ બાદ નિર્ણય લેવાયો છે કે હાલ પરીક્ષા મોકુફ કરીને પેશન્ટ કેરને પ્રભાવિત થવા દેવાય નહીં.

કોર્ટે વધુમાં એમ પણ કહ્યું કે રાજ્ય સંતુલન બનાવવાની કોશિશ કરી રહ્યા છે. મોટી સંખ્યામાં એવા ડોક્ટર છે જેમણે ૨૦૨૨ની પરીક્ષા માટે રજિસ્ટ્રેશન કરાવ્યું છે. ૨ લાખ ૬૦૦૦થી વધુ ડોક્ટરોએ આ માટે રજિસ્ટ્રેશન કરાવેલું છે.

# પંજાબમાં દિવાલો પર ખાલિસ્તાન ઝિંદાબાદનું લખાણ જોવા મળતા તપાસ

(એ.આર.એલ), ચંડીગઢ,તા.૧૩

પંજાબમાં ખાલિસ્તાનનો મુદ્દો ફરી ગરમાયો છે. શુક્રવારે ફરીદકોટની બાઝીગર બસ્તીમાં એક પાર્કની દિવાલ પર ‘ખાલિસ્તાન ઝિંદાબાદ’ના નારા લખવામાં આવ્યા છે. પંજાબ પોલીસ આને લઈને સતર્ક થઈ ગઈ છે. એસએસપીએ કહ્યું કે અમારી ટીમ ત્યાં હાજર છે. સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે.

તેની તપાસમાં અનેક ટીમો કામ કરી રહી છે. પોલીસને એલર્ટ પર રાખવામાં આવી છે. આ સાથે નાકા ચેકપોસ્ટ પણ લગાવવામાં આવી છે. તે જ સમયે, આ પહેલા ગઈકાલે એટલે કે ગુરુવારે, આ મામલો સિરમૌરના પાઓંટા સાહિબમાં પણ જોવા મળ્યો હતો. જ્યાં એક ઘર પર ખાલિસ્તાની ઝંડો ફરકાવવામાં આવી રહ્યો હતો. પોલીસ કાર્યવાહીમાં તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે આ ધ્વજ એક સગીર દ્વારા તેના ઘરની છત પર લગાવવામાં આવ્યો હતો.

# પનામા પેપર્સ લીક સાથે જોડાયેલા સંજય શિંદેના ઘરે ઈડીના દરોડા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૩

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ પનામા પેપર્સ લીક કેસ સાથે જોડાયેલા એક વ્યક્તિ વિરુદ્ધ મની લોન્ડરિંગની તપાસના સંબંધમાં તેના મધ્યપ્રદેશ અને ગોવા પરિસરમાં દરોડા પાડીને ૮૮.૩૦ લાખ રૂપિયાની રોકડ રિકવર કરી છે. ઈડીએ શુક્રવારે જણાવ્યું હતું કે સંજય વિજય શિંદે વિરુદ્ધ આ દરોડા પાડવામાં આવ્યા હતા. શિંદે બ્રિટિશ વર્જિન આઈલેન્ડ સ્થિત ફર્મમાં ફાયદાકારક હિત ધરાવે છે અને વિવિધ વિદેશી સંસ્થાઓ દ્વારા તેમના સિંગાપોરના બેંક ખાતામાં રૂ. ૩૧ કરોડથી વધુ જમા કરાવ્યા છે. ઈડીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભોપાલ અને ગોવામાં સ્થિત શિંદેના ચાર પરિસરમાં કાર્યવાહી કરવામાં આવી હતી. અહીંથી ૮૮.૩૦ લાખની રોકડ મળી આવી હતી અને સંડોવણી દર્શાવતા દસ્તાવેજો પણ મળી આવ્યા હતા. આ મની લોન્ડરિંગ કેસ શિંદે સામે આવકવેરા વિભાગની ચાર્જશીટ પર આધારિત છે. પનામા પેપર્સ લીક કેસમાં શિંદેનું નામ સામે આવ્યું હતું.

# દેશની ૮૦ ટકા હિન્દુ વસ્તી પૈકી ૪૦ ટકા વોટ જ ભાજપને મળે છે : પી.કે.

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૩

ભાજપ ધ્રુવીકરણના આધારે ચૂંટણી જીતતો હોવાની વાત સંપૂર્ણપણે ખોટી હોવાનું ચૂંટણીના રણનીતિકાર પ્રશાંત કિશોરનું માનવું છે. તેમણે અંગ્રેજી અખબારને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે, દેશની ૮૦થી ૮૨ ટકા વસ્તી હિન્દુ છે, પરંતુ ભાજપને હજુ પણ લગભગ ૪૦ ટકા વોટ જ મળે છે. અહીં ઉલ્લેખનીય છે કે, પ્રશાંત કિશોર બિહારના રાજકારણમાં પ્રવેશવાની જાહેરાત કરી ચૂક્યા છે. દેશના રાજકારણમાં કથિત રીતે વધી રહેલા



ધ્રુવીકરણના મુદ્દે પૂછાયેલા સવાલના જવાબમાં તેમણે કહ્યું કે, આ ધ્રુવીકરણને ખૂબ જ અતિશયોક્તિ રીતે રજૂ કરવામાં આવી રહ્યું છે. ધ્રુવીકરણની રીત બદલાઈ ગઈ છે. ૧૫ વર્ષ પહેલાંની ધ્રુવીકરણની રીત અને અત્યારની રીતમાં ફરક છે.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર માનતા શ્રીલંકાના નવા પ્રધાનમંત્રી

(એ.આર.એલ),કોલંબો,તા.૧૩

શ્રીલંકાના નવા વડાપ્રધાન રાનિલ વિક્રમસિંઘેએ કહ્યું છે કે તેઓ તેમના કાર્યકાળ દરમિયાન ભારત સાથે ગાઢ સંબંધો ઈચ્છે છે. આ સાથે તેમણે આઝાદી પછીના સૌથી મોટા આર્થિક સંકટમાં ભારત તરફથી મળેલી આર્થિક મદદ માટે પણ ભારતનો આભાર માન્યો હતો. ૭૩ વર્ષીય રાનિલ વિક્રમસિંઘે ગુરુવારે શ્રીલંકાના ૨૬મા વડાપ્રધાન તરીકે ચૂંટાયા હતા. નવા વડાપ્રધાનની પસંદગી દેવામાં



ડૂબેલા અર્થતંત્ર અને રાજકીય સંકટને સ્થિર કરવા માટે કરવામાં આવી છે. રાનિલ વિક્રમસિંઘેએ ભારત તરફથી મળતી નાણાકીય સહાય તરફ ઈશારો કરતા કહ્યું કે, ‘‘હું ગાઢ સંબંધો ઈચ્છું છું અને હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનું છું.’’ તેમની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે ગઈકાલે રાનિલ વિક્રમસિંઘેના શપથ લીધા બાદ ધાર્મિક સમારોહ યોજાયો હતો. ભારતે જાન્યુઆરીથી અત્યાર સુધીમાં દેવામાં ડૂબેલા શ્રીલંકાને યુએસડી ૩ બિલિયનની સરળ લોન આપવાનું વચન આપ્યું છે.

ભારતે ગુરુવારે કહ્યું હતું કે તે લોકશાહી પ્રક્રિયાને અનુસરીને શ્રીલંકાની નવી સરકાર સાથે કામ કરવા તૈયાર છે અને ભારત શ્રીલંકાના લોકો માટે પ્રતિબદ્ધ છે અને રહેશે. રાનિલ વિક્રમસિંઘે પાંચમી વખત શ્રીલંકાના વડાપ્રધાન બન્યા છે.

# પંજાબે બેંગ્લોરને જીતવા ૨૧૦ રનનો લક્ષ્યાંક આપ્યો

મુંબઈ તા.૧૩



મુંબઈ ખાતે રમાઈ રહેલી પંજાબ કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચેની મેચમાં બેંગ્લોરે ટોસ જીતી પ્રથમ ફીલ્ડીંગ કરવાનો નિર્ણય લીધો હતો. પંજાબે લિયમ લિવિંગસ્ટોનના ૭૦ અને જોની બેરસ્ટોના ૬૬ રનના સહારે ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૨૦૯ રન બનાવ્યાં હતાં. બેંગ્લોર તરફથી હર્ષલ પટેલ ૪, વાણિન્દુ હસરંગાએ બે, ગ્લેન મેક્સવેલ અને શાહબાઝ અહેમદે એક - એક વિકેટ લીધી હતી. આ લખાય છે ત્યારે બેંગ્લોરે ૯ ઓવરમાં ૩ વિકેટે ૮૪ રન બનાવી લીધા હતાં. વિરાટ કોહલી ૨૦ રન બનાવીને આઉટ થયો હતો.

# મુકેશ અને સિમરજીત જેવા ફાસ્ટ બોલરોને આઈપીએલ થકી અનુભવ મળ્યો છે : ધોની

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૩

ઈન્ડિયન પ્રીમિયર લીગની ૫૯મી મેચમાં મુંબઈ સામે હાર્યા બાદ ચેન્નાઈ ભલે બહાર થઈ ગઈ હોય, પરંતુ કેપ્ટન ધોનીએ કહ્યું કે તે અહીંથી ઘણી સકારાત્મક બાબતો લેશે. તેણે યુવા બોલરોની ખૂબ પ્રશંસા કરી. મુંબઈ સામેની મેચ ૫ વિકેટે હાર્યા બાદ ચેન્નાઈના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ પોતાની પ્રતિક્રિયા આપી અને યુવા બોલરોના ખુલ્લેઆમ વખાણ કર્યા. તેણે કહ્યું કે આ પીચ પર ૧૩૦થી ઓછા સ્કોરનો બચાવ કરવો મુશ્કેલ હતો.

મેચ બાદ ધોનીએ કહ્યું હતું કે ‘‘તમે પરિણામ ભૂલી જાવ પરંતુ યુવા બોલરો દ્વારા દર્શાવવામાં આવેલ પાત્ર સારું હતું. યુવા ફાસ્ટ બોલરો મુકેશ અને સિમરજીતને આ પ્રકારની મેચમાંથી જે અનુભવ મળ્યો તે તેમના માટે ફાયદાકારક રહેશે.’’ દરેક ટૂંકા ફોર્મેટમાં આપણને આ પ્રકારનું વલણ જોઈએ છે.’’

આ સિઝનમાં યુવા ઝડપી બોલરોના શાનદાર પ્રદર્શન અંગે ધોનીએ કહ્યું કે અમે એવા તબક્કામાંથી પસાર થયા છીએ જ્યારે અમારી પાસે ઝડપી બોલરોની બેન્ચ સ્ટ્રેન્થ નહોતી. છ મહિનાના સમયગાળામાં ક્રિકેટના ત્રણેય ફોર્મેટ માટે ઝડપી બોલર તૈયાર થાય તે ખૂબ જ દુર્લભ છે.

આઈપીએલ અંગે તેણે કહ્યું કે બોલરો માટે આ એક તક છે, જ્યાં બોલિંગ કરવાથી બોલરોનો આત્મવિશ્વાસ વધે છે. તેમની હિંમત વધે છે. આગામી સિઝન માટે, અમે અહીંથી ઘણી હકારાત્મક બાબતો લઈશું. પોતાની ટીમ વિશે બોલતા તેણે કહ્યું કે અમને અમારી ટીમમાં અનુશાસનની જરૂર છે.

# ગુજરાતી ફિલ્મ ‘જયસુખ ઝડપાયો’નું ટ્રેલર રિલીઝ

નવીદિલ્હી,તા.૧૩

છેલ્લા ઘણાં સમયથી જે ફિલ્મનાં ટ્રેલરની રાહ જોવાઈ રહી હતી તે ’જયસુખ ઝડપાયો’નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. હાલમાં સારી સારી ગુજરાતી ફિલ્મો એક બાદ એક રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મ એક રોમ કોમ છે. જેમાં રોમેન્ટિક અને કોમેડીની ભરમાર છે. લિડ રોલમાં જિમિત ત્રિવેદી છે. તો આ ફિલ્મમાં જોની લિવર પણ નજર આવે છે. રૂટિન ગુજરાતી ફિલ્મો કરતાં તેની સ્ટોરી લાઈન અલગ છે. અને દર્શકોને ડિરેક્ટર પ્રિયદર્શનની ફિલ્મ ગુજરાતીમાં જોતા હોય તેવો અનુભવ ટ્રેલર પરથી થશે. આ ફિલ્મ ૧૩ જૂનનાં થિએટર્સમાં રિલીઝ થવાની છે. ફિલ્મનાં અન્ય મુખ્ય કલાકારોની વાત કરીએ તો, પૂજા જોષી, હાર્દીક સાંગાણી, અનંગ દેસાઈ, મોના મેવાવાલા, સાંચી પેશ્વાની, સંગિતા ખાનાયત અને પૂર્વી વ્યાસ ફિલ્મમાં નજર આવશે. ફિલ્મનું ડિરેક્શન ધર્મેશ મેહતાએ કર્યું છે. તેમજ પ્રોડ્યુસ પણ ધર્મેશ મેહતાએ કરી છે. આ સાથે જ સેમ દોષી અને બોહરા પવન પણ તેનાં કો પ્રોડ્યુસર છે.


**-//સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં,અમરેલી//-**

અપીલ રજી.નં.૨૭/૨૦૨૨

અરજદાર :- શ્રી વિમળાબેન ચતુરભાઈ દેસાઈ,
રે.પાણીયા, ઠે. રામજી મંદિર પાસે, તા.જિ. અમરેલી
હાલ રે.ડી-૫૧, ડી.વી.પાર્ક હાઉસીંગ સોસાયટી,
ઓટો પોઈન્ટ સામે, પર્વત પાટીયા, તા.જિ.સુરત

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.પાણીયા, તા.જિ.અમરેલી

**-::જાહેર નોટીસ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના પાણીયા ગામના રહીશ શ્રી વિમળાબેન ચતુરભાઈ દેસાઈએ તેઓના પુત્રશ્રી રાજેશકુમાર ચતુરભાઈ દેસાઈનો જન્મ તા.૧૦/૦૩/૧૯૭૫ ના રોજ થયેલ હોવાથી નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૫/૦૪/૨૦૨૨ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
અમરેલી.

### મુખ્યમંત્રીએ અંગત કરતા પક્ષને વધુ ચિંતા કરવા સલાહ આપી

# ભાજપ આગેવાનો ટિકિટના બદલે વિજય પર ધ્યાન આપે : ભુપેન્દ્ર પટેલ

રાજકોટ તા.૧૩

CM ભૂપેન્દ્રભાઈ પટેલ આજે રાજકોટ જિલ્લાની એક દિવસીય મુલાકાતે છે. હાલ શહેરના હેમુ ગઢવી હોલ ખાતે સંસદ સભ્યો, MLA અને જિલ્લા ભાજપના કાર્યકરો સાથે CM પટેલની બેઠક શરુ થઈ હતી. જેમાં મુખ્યમંત્રીએ એવી સલાહ આપી હતી કે કોઈ આગેવાન, હોદ્દેદારો કે ચૂંટાયેલા લોકોએ આગામી ચૂંટણીમાં ટિકિટ પર ધ્યાન આપવાના બદલે ભાજપના વિજય પર જ ધ્યાન આપવાનું છે. પક્ષે જ આપણને સૌને મોટા કર્યા છે. ધારાસભાની ટિકિટ કોઈ પણને મળે, ભાજપના વિજયને નિશ્ચિત કરવાનો છે. રાજકોટ સહિત ગુજરાતમાં જે પરિણામો આવે તે સીધા દિલ્હી સુધી પહોંચે છે આથી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની દેશના વિકાસની યાત્રાને ધ્યાનમાં રાખીને સૌએ કામ કરવાનું છે. એકંદરે મુખ્યમંત્રીએ અંગત કરતા પક્ષની વધુ ચિંતા કરવા સલાહ આપી હતી.



આ સાથે CM પટેલે રાજકોટ મહાનગરપાલિકા કચેરીની મુલાકાત લીધી હતી. વિકાસના કામોની સમીક્ષા બેઠક કરી હતી. આ ઉપરાંત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના ૩૧ ટીપરવાન તથા બંધ બોડીના બે મોટા ટ્રકના કાફલાને ફ્લેગ આપી હતી. આ તકે પૂર્વ CM વિજયભાઈ રૂપાણી પણ ઉપસ્થિત રહ્યા હતા. મનપા ખાતે યોજાયેલ સમીક્ષા બેઠકમાં CM પટેલે ત્રણેય ઝોનના વિકાસ કામોની સમીક્ષા કરી હતી.

પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી મ્યુ. કમિશનરે મનપા દ્વારા રાજકોટમાં પ્રગતિ હેઠળના કામોની માહિતી રજૂ કરી હતી. જેમાં રાજકોટમાં બની રહેલા પાંચ ઓવરબ્રિજ, સ્માર્ટ સિટી પ્રોજેક્ટના રોબસ્ટ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ અને અટલ સરોવર, ડિજિટલ હાઈવે પ્રોજેક્ટ, રૈયાધાર અને જેટકો ચોકડી પાસેના વોટર ટ્રીટમેન્ટ પ્રોજેક્ટ, વોટર રિસોર્સ, આવાસ યોજના, લાઈટ હાઉસ, અર્બન ફોરેસ્ટ, ૪ મેગાવોટ સોલાર પાવર પ્લાન્ટ, ઈલેક્ટ્રિક બસ, આવાસ યોજનાઓ, RMC ઓન વોટ્સએપ સર્વિસ, રામવનમાં આશરે ૭૦ હજાર જેટલા વૃક્ષોનું વાવેતર, રામનાથ મહાદેવ મંદિર વગેરેની કામગીરીની જાણકારી આપી હતી. આ ઉપરાંત પ્રોપર્ટી ટેકસની રેકોર્ડબ્રેક કલેક્શનની માહિતી પણ રજૂ કરાઈ હતી.

# આણંદ પંથકમાં આકાશમાંથી ગોળા જેવી વસ્તુ પડતાં લોકોમાં ભય ફેલાયો

આણંદ તા.૧૩

આણંદના ઉમરેઠ અને ભાલેજ પોલીસ સ્ટેશન તાબેના ત્રણ અલગ અલગ ગ્રામ્ય વિસ્તારોમાં અવકાશમાંથી અજાણી ભારેખમ ગોળા જેવી વસ્તુઓ પડી છે. આ ઘટનાથી આસપાસના વિસ્તારમાં ભયનું વાતાવરણ સર્જાયું છે. આ વસ્તુઓ જોવા લોકોના ટોળા પણ ઉમટી પડ્યા હતા. જોકે કોઈ જાનહાનિના સમાચાર નથી. પોલીસ ટીમે ઘટના સ્થળે પહોંચી આ અવકાશી વસ્તુ અંગે તપાસ હાથ ધરી છે. આણંદ જિલ્લાના ઉમરેઠ તેમજ ભાલેજ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં અવકાશમાંથી ભારેખમ ગોળા જેવી વસ્તુ પડી છે. જિલ્લાના



જીતપુરા, દાગજીપૂર અને ખાનકુવા ગામે અવકાશમાંથી ભારેખમ ગોળા જેવી વસ્તુ પડી છે. પોલીસના જણાવ્યા મુજબ અવકાશમાંથી પૃથ્વી ઉપર પડેલા આ પદાર્થ સેટેલાઈટમાંથી છૂટા પડેલા કોઈ ઉપકરણ હોવાનું પ્રતિત થઈ રહ્યુ છે. આ અંગેની ચકાસણી માટે સંબંધિત વિભાગ અને એજન્સીઓને જાણ કરવામાં આવી છે.

# ઉના નજીક શંકાસ્પદ વીજ સામગ્રી ભરેલા ટ્રક સાથે એકની અટકાયત

**ટ્રક ચાલક બાબરા પંથકનો હોવાનું જાણવા મળ્યું**

ઉના, તા. ૧૩

ઉનાના ઉમેજ-પાતાપુર રોડ પરથી તૌકતે વખતે નુકસાન થયેલ વીજ મટીરિયલ્સ ભરેલા બે ટ્રક બારોબાર વેચી નાખવાના ઈરાદે લઈ જવાતા હોવાની બાતમી આધારે પોલીસ દ્વારા ટ્રકોને અટકાવી રૂ. ૧૯ લાખનો મુદ્દામાલ કબજે કરી તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો. એક ટ્રક ચાલક અમરેલીના બાબરા પંથકનો હોવાનું સામે આવ્યું છે. ટ્રકમાં લોખંડની પટ્ટી તથા એલ્યુમીનિયમના વાયરો આશરે છ ટનથી વધુના જથ્થા સહિત ટ્રકો કબજે કરવામાં આવ્યા હતા. ઉમેજના એક નાગરિક દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતુ કે, તૌકતેને ૧ વર્ષ થઇ ગયેલ હોય, તેમ છતાં પીજીવીસીએલનો સામાન અંદાજે ૩ ટ્રક બારોબાર વેચવાનો હોય, પરંતુ પોલીસે ઝડપી પાડતા સબ ડિવિઝન ડે. એન્જિનિયરે કોન્ટ્રાક્ટરનો બચાવ કરવા ખોટા દસ્તાવેજી પૂરાવાઓ રજૂ કરી દીધા હતા. જેથી આ ટ્રકમાં પીજીવીસીએલનો જૂનો અને નવો માલસામાન ભરેલો હોય તો કયા ગેટપાસના આધારે માલ આપવામાં આવેલ છે? તેની યોગ્ય તપાસ થવી જોઈએ. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

# અમદાવાદમાં એબીવીપી નેતાઓની દાદાગીરી સામે આવી : આચાર્યને પગે લગાડી માફી મંગાવી

(એ.આર.એલ),અમદાવાદ,તા.૧૩

ગુરૂ-શિષ્યના સંબંધોને લાંછન લગાડતી ઘટના સામે આવી છે. વડોદરા બાદ અમદાવાદમાં અબીવીપીના વિદ્યાર્થીઓની દાદાગીરી સામે આવી છે. અમદાવાદની સાલ કોલેજમાં એબીવીપીના વિદ્યાર્થી નેતાઓની ખુલ્લેઆમ દાદાગીરી જોવા મળી. તેઓએ કોલેજના આચાર્યને વિદ્યાર્થિનીના પગે પડાવ્યા હતા. એબીવીપીના નેતાઓએ ગુરુનું સન્માન જાળવ્યું ન હતું. અમદાવાદમાં એબીવીપીના વિદ્યાર્થી



નેતાઓની દાદાગીરી સામે આવી છે. કોલેજમાં આચાર્યને વિદ્યાર્થીઓને પગે લગાવી માફી મંગાવી હતી. અમદાવાદની સાલ કોલેજમાં ગુરુ-શિષ્યના સંબંધોને લાંછન લગાવતી ઘટના બની છે. જીએલએસ બાદ હવે સાલ કોલેજના એબીવીપી નેતાઓ વિવાદમાં આવ્યા છે. એબીવીપીના અક્ષત જયસ્વાલની ખુલ્લેઆમ દાદાગીરીથી આચાર્યની સાથે વિદ્યાર્થીઓ પણ પરેશાન થઈ રહ્યાં છે. શરમજનક ઘટના બાદ અક્ષતે સોશિયલ મીડિયા પર પણ વીડિયો વાયરલ કર્યા છે. હાજરીને લઈને વિવાદ સર્જાયો હતો, પ્રિન્સિપાલ દ્વારા એબીવીપીના આગેવાનોને વારંવાર વિનંતી કરાઈ રહી હતી, છતા તેઓ માન્યા ન હતા અને વિદ્યાર્થીઓને પગે પડાવ્યા હતા. શિક્ષકો કરગરતા રહ્યા છતાં વિદ્યાર્થી નેતાઓ પોતાની મનમાની કરતા રહ્યા, જેથી શિક્ષકોએ વિદ્યાર્થીઓને પગે લાગીને માફી માંગી હતી. સવાલ એ છે કે કયાં સુધી વિદ્યાના ધામમાં વિદ્યાર્થી નેતાઓની આવી મનમાની ચાલતી રહેશે. શિક્ષણધામમાં વિરોધ હોય, પણ વિરોધ જ્યારે હદ વટાવે અને શિક્ષણને રાજકારણનો અખાડો બનાવાય ત્યારે શિક્ષણ નીતિ પર સવાલ થાય છે.

# સુરતમાં ચારિત્ર્યની શંકામાં બાળકો સામે પત્નીની કરી હત્યા

સુરત,તા.૧૩

સુરત શહેરના કતારગામ વિસ્તારમાં પ્રેમલગ્ન બાદ ૭ વર્ષથી અલગ રહેતી પત્નીની બાળકોની સામે ૨૩ ફેબ્રુઆરીના રોજ હત્યા કરનાર પતિની ધરપકડની ધરપકડ કરવામાં આવી છે. પત્ની પર ચારિત્ર્ય અંગે શંકા કરી પતિ દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યું હતું. છૂટાછેડા અને પુત્રને સાથે રાખવા બાબતેના ઝઘડામાં સુરતના કતારગામ વિસ્તારમાં રહેતી પત્નીને ત્રણ ગોળી મારીને હત્યા કરી હતી. યુવાનની કતારગામ પોલીસે ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી છે. ફાયરીંગ કરનાર પતિની બિહારમાં પોલીસે દારૂના ગુનામાં ધરપકડ કરી હતી. આરોપીએ પત્નીની હત્યા કર્યાની પણ કબૂલાત કરી હતી. સુરતના કતારગામ વિસ્તારમાં અલગ રહેતી ૩૦ વર્ષની પત્ની ટીનાને પતિ અખીલેશકુમાર મૌલેશ્વરપ્રસાદ સીંગે બાળકોની સામે જ ત્રણ ગોળી મારી દીધી હતી. ટીનાને છાતી, પેટ, કોણી અને ઘૂંટણમાં ઈજા થઈ હતી.

# રાજ્યમાં હવે મીઠું પણ મોંઘુ થવાની શક્યતા

અમદાવાદ, તા.૧૩

મોંઘવારીએ ગરીબોની થાળીમાંથી ભોજન છીનવી લીધું છે. હવે તેની પાસે મીઠુ અને રોટલી ખાવાનો વિકલ્પ બચ્યો હતો એ પણ હવે મોંઘવારી છીનવી રહી છે. આગામી દિવસોમાં મીઠુ વધુ મોંઘુ થવાની શકયતાઓ જોર પકડવા લાગી છે.દેશના સૌથી મોટા મીઠાનું ઉત્પાદન કરતા રાજ્ય ગુજરાતમાં લણણીની સિઝન શરૂ થવામાં વિલંબ થવાને કારણે આ સમસ્યા ઊભી થઈ છે.

















